સુવિચાર
મુકાબલો પોતાની જાત સાથે કરો, બીજાઓ સાથે નહિ...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



વર્ધમાનનગરમાં મનમંદિર એપાર્ટમેન્ટના ફ્લેટમાં આગઃ માતા-પુત્રના મોત P-4

Year-16, Issue-268 ■ DATE : 26-02-2026 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ‘ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર’ના મુદ્દે NCERTની માફી ફગાવતી સુપ્રીમ




## ધો.૮ના પાઠયપુસ્તકમાં ન્યાયપાલિકાના ભ્રષ્ટાચાર મુદે લખાયેલ ચેપ્ટર સામે સુપ્રીમકોર્ટની લાલઆંખ : તા.૧૧ માર્ચે વધુ સુનાવણી : ન્યાયપાલિકાની ગરીમાને ઘટાડવા માટેનું ઈરાદાપૂર્વકનું પગલુ : સીજેઆઇ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એનસીઈઆરટીના ધો.૮ના પાઠયપુસ્તકમાં ‘ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર’ મુદે આપવામાં આવેલા ચેપ્ટરના વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધુ છે અને આજે સર્વોચ્ચ અદાલતે આ અંગે સુનાવણી સમયે એનસીઈઆરટીના ડાયરેકટર દ્વારા આ પ્રકારે ચેપ્ટર દાખલ કરવા બદલ માફી માંગી લીધી હતી. પરંતુ સર્વોચ્ચ અદાલતે તે ફગાવીને આ સંસ્થાના ડાયરેકટર અને શિક્ષણ સચીવને શોકોઝ નોટીસ જાહેર કરી છે.

ગઈકાલે આવેલા અહેવાલ મુજબ ધો.૮ના સોશ્યલ સાયન્સના પાઠયપુસ્તકમાં ન્યાયતંત્રની કામગીરીના સંદર્ભમાં ભ્રષ્ટાચાર અને કેસોના ભરાવાના મુદા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે તૈયાર કરાયા હતા પરંતુ આ અહેવાલ બહાર આવતા જ સર્વોચ્ચ અદાલત સમક્ષ બે સીનીયર ધારાશાસ્ત્રીઓએ આ મુદો ઉઠાવ્યો હતો અને સુપ્રીમકોર્ટે પણ તેમની ગંભીર નોંધ લીધી હતી.

જો કે તે પુર્વે જ ગઈકાલે જ એનસીઆરઈટીએ આ પાઠય પુસ્તક પાછુ ખેંચી લેવાયુ છે અને કાઉન્સીલે બિનશરતી માફી પણ માંગી લીધી હતી પરંતુ મુખ્ય ન્યાયમૂર્તિ સુર્યકાંતે આક્રોશ સાથે જણાવ્યું કે આ ન્યાયપાલિકાની ગરીમાને ઘટાડવા માટેનો એક ઈરાદાપૂર્વકનું કદમ છે અને હું આ માફીથી સંતુષ્ટ નથી તથા આ પ્રકારે ચેપ્ટર દાખલ કરવા માટે કોણ જવાબદાર છે તે નિશ્ચિત કરવું પડશે. જો કે એનસીઈઆરટી વતી સોલીસીટર જનરલ એ પણ દરમ્યાનગીરી કરીને મામલો થાળે પાડવા કોશીશ કરી હતી પરંતુ ચીફ જસ્ટીસ સુર્યકાંત એ કહ્યું કે તમે આ બાબતને બહુ હળવાશથી લઈ રહ્યા છો પરંતુ ધનુષ્યમાંથી બાણ છુટી ગયુ છે અને આજે ન્યાયતંત્ર ખુનથી લથપથ છે. આ પુસ્તક બજારમાં ઉપલબ્ધ છે અને મને પણ એક નકલ મોકલવામાં આવી છે.

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સુર્યકાંત ઉપરાંત ન્યાયમૂર્તિ જે બાગચી અને ન્યાયમૂર્તિ પંચોલીની ખંડપીઠે તે બાદ એનસીઈઆરટીના ડાયરેકટર અને શિક્ષણ સચીવને નોટીસ પાઠવી હતી અને કહ્યું કે આ તપાસ ચાલુ રહેશે.

સોલીસીટર જનરલ તુષાર મહેતાએ અનેક વખત માફી માંગવાની વાત કરી હતી અને સ્કુલ એજયુકેશન સેક્રેટરી પણ હાજર હતા પરંતુ ચીફ જસ્ટીસે કહ્યું કે તેઓને જે નોટીસ પાઠવવામાં આવી છે તેમાં માફીનો કોઈ પ્રશ્ન નથી. આ બહુ ગંભીર બાબત છે.

પાઠયપુસ્તક નિર્માણ સમીતીના ૧૫ સભ્યોમાં આઈઆઈટી ગાંધીનગરના ગેસ્ટ પ્રોફેસર મિશેલ ડેનીનો તથા રાજીવ સાન્યાલ સામેલ છે. આ પાઠયપુસ્તક નિર્માણ પર અન્ય ૨૩ લોકો નજર રાખે છે અને અંતે ૧૯ લોકો તેને આખરી મંજુરી આપે છે. આમ અનેક તબકકે તે ચકાસણી થાય છે. આ નિર્માણ સમીતીમાં જે સભ્યો હોય છે તેની પસંદગી પણ પુરતી એકેડેમીક ક્ષમતાના આધારે કરાઈ છે. આમ જે રીતે આ ચેપ્ટર દાખલ કરાયુ તેમાં તમામ માહિતગાર હશે તેવું માનવામાં આવે છે.

## Petrol & Diesel Rate




| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૫૯/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૨૮/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |



| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૧,૬૫૦ | ₹૨,૮૪,૯૦૦ |
| | +૧૦ | -૧૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૮૫ | ₹૧૨૩.૧૬ |

## વડાપ્રધાન મોદીને ઈઝરાયલી સંસદ તરફથી ’નેસેટના અધ્યક્ષ’નું સર્વોચ્ચ સન્માન મળ્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે ઈઝરાયલની બે દિવસીય મુલાકાત દરમિયાન દેશની સંસદ ’નેસેટ’ ને સંબોધિત કરી હતી. પીએમ નરેન્દ્ર મોદી ઈઝરાયલી સંસદને સંબોધિત કરનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બન્યા.

પીએમ મોદીને ઈઝરાયલી સંસદ તરફથી ’નેસેટના અધ્યક્ષ’નું સર્વોચ્ચ સન્માન મળ્યું. ભારત અને ઈઝરાયલ વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવામાં તેમના અસાધારણ યોગદાન બદલ પીએમ મોદીને ’નેસેટના અધ્યક્ષ’ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. ઈઝરાયલી સંસદમાં પ્રધાનમંત્રીના સંબોધન પછી, નેસેટના અધ્યક્ષ અમીર ઓહાનાએ



તેમને આ સન્માન આપ્યું

ઈઝરાયલ અને પેલેસ્ટાઇન દ્વારા સન્માનિત થનારા પ્રથમ વિશ્વ નેતા૨૦૧૮ ની શરૂઆતમાં, વડા પ્રધાન મોદીને ગ્રાન્ડ કોલર ઓફ ધ સ્ટેટ ઓફ પેલેસ્ટાઇનથી નવાજવામાં આવ્યા હતા, જે વિદેશી નેતાઓ માટેનું સર્વોચ્ચ પેલેસ્ટાઇનિયન સન્માન છે. પીએમ મોદીએ ૭ ઓક્ટોબરના રોજ ઈઝરાયલમાં હમાસ દ્વારા કરવામાં આવેલા નરસંહારની સખત નિંદા કરી.

પીએમ મોદીએ ઈઝરાયલ પ્રત્યે તેમના દેશની સહાનુભૂતિ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, ‘‘અમે તમારી પીડા સમજીએ છીએ. ભારત હવે અને ભવિષ્યમાં ઈઝરાયલ સાથે મજબૂત રીતે ઊભું છે.‘‘ઈઝરાયલી સંસદે ગઈકાલે ભારતના પ્રધાનમંત્રીને તેમના સંબોધન દરમિયાન સ્પીકર ઓફ નેસેટ મેડલથીસન્માનિત કર્યા .

ભારતીય પ્રધાનમંત્રી આ મેડલ મેળવનારા પ્રથમ નેતા છે, જે નેસેટનો સર્વોચ્ચ સન્માન છે. ભારત અને ઈઝરાયલ વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવા માટે પ્રધાનમંત્રીના વ્યક્તિગત નેતૃત્વ દ્વારા અપવાદરૂપ યોગદાનને માન્યતા આપવા માટે આ મેડલ એનાયત કરવામાં આવે છે.

## રોલીંગ પેપર પરના પ્રતિબંધ મામલે પોલીસ કાર્યવાહી પર ગુજરાત હાઈકોર્ટનો સ્ટે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ રાજ્યમાં પાનનાં ગલ્લા અને અન્ય સ્થળોએ મળતા ’ગોગો પેપર’ (રોલિંગ પેપર) પર સરકાર દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધને પડકારતી અરજીમાં ગુજરાત હાઈકોર્ટે મહત્વનો વચગાળાનો આદેશ આપ્યો છે.

અદાલતે ગૃહ વિભાગના જાહેરનામાના આધારે નોંધાયેલી ફરિયાદ પર સ્ટે ફરમાવી દીધો છે અને આ કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં મુકરર કરી છે.

જસ્ટિસની ખંડપીઠે આ મામલે સુનાવણી કરતા અરજદાર વેપારીની તરફેણમાં મહત્વનો નિર્ણય લીધો હતો. કોર્ટે વેપારી પાસેથી જપ્ત કરવામાં આવેલા ગોગો પેપરના




મુદ્દામાલને રૂ. ૨૦,૦૦૦ના પર્સનલ બોન્ડ પર મુક્ત કરવાનો પણ હુકમ કર્યો છે.

અરજદાર પક્ષ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે સરકાર દ્વારા રોલિંગ પેપરની જપ્તી અને એફઆઈઆર જેવી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે, જે હકીકતમાં સરકારના સત્તાક્ષેત્રની બહારનો વિષય છે. સાથે જ, સરકારના જાહેરનામામાં ઘણી અસ્પષ્ટતા અને અધૂરી માહિતી હોવા અંગે પણ ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા.

રાજ્ય સરકાર દ્વારા સૌપ્રથમ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ગોગો પેપર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ, ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ નવા નિર્દેશો સાથે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને આ અંગે નવા જાહેરનામા બહાર પાડવા સૂચના અપાઈ હતી. જોકે, કોર્ટમાં એવી વિગત સામે આવી હતી કે હજુ સુધી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કોઈ નવા જાહેરનામા જારી કરવામાં આવ્યા નથી. સરકારનો બચાવ એવો હતો કે સગીરો અને યુવાનો દ્વારા ચરસ-ગાંજા જેવા નશાકારક પદાર્થોના સેવન માટે આ પેપરનો ઉપયોગ થતો હોવાથી પ્રતિબંધ જરૂરી છે.

## ૧૦ કરોડ ફોલોઅર્સ ધરાવતા વડાપ્રધાન મોદી

પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. તેઓ ૧૦ કરોડ ફોલોઅર્સ વટાવનારા પહેલા વૈશ્વિક નેતા બન્યા છે.પીએમ મોદીએ ઈન્સ્ટાગ્રામ ફોલોઅર્સ મામલે તેમના હરીફ નેતાઓને નોંધપાત્ર રીતે પાછળ છોડી દીધા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આશરે ૪૩.૨ મિલિયન ફોલોઅર્સ છે, જે મોદીના અડધા કરતા પણ ઓછા છે. દરમિયાન, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોના આશરે ૧.૫ કરોડ ફોલોઅર્સ છે, ત્યારબાદ બ્રાઝિલના રાષ્ટ્રપતિ ૧.૪ કરોડ, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન ૧.૧૧.૬ મિલિયન અને આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જાવિઅર મેલા ૬.૪ મિલિયન ફોલોઅર્સ ધરાવે છે. રસપ્રદ વાત એ છે કે, આ બધા નેતાઓના ફોલોઅર્સ ભેગા કરવામાં આવે તો પણ આ સંખ્યા મોદીના વ્યક્તિગત ફોલોઅર્સથી ઓછી પડે છે. પીએમ મોદીની સોશિયલ મીડિયા લોકપ્રિયતા માત્ર વૈશ્વિક જ નહીં, પણ સ્થાનિક સ્તરે પણ છે, અને તેઓ સોશિયલ મીડિયા પર અન્ય નેતાઓ કરતા ઘણા આગળ છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના લગભગ ૧૬.૧ મિલિયન ફોલોઅર્સ છે, જ્યારે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના લગભગ ૧૨.૬ મિલિયન ફોલોઅર્સ છે.

## હોળી બાદ ગરમીનો પારો ઉંચે જશેઃ હવામાન નિષ્ણાંતોની આગાહી

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

દેશમાં આ વર્ષે ફેબ્રુઆરીના મધ્યથી જ જે રીતે ગરમીનો પારો ઉંચો ચડી રહ્યો છે તેથી ‘હોળી’માં ઠંડીની અપેક્ષા રાખવામાં આવતી નથી અને દેશના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનનો પારો અત્યારથી જ ૩૦ ડીગ્રી કે તેની ઉપર ચાલ્યો ગયો છે જે હાલના સમયમાં સામાન્યથી ૩થી૭ ડીગ્રી ઉંચુ તાપમાન ગણવામાં આવે છે અને તેના માટે ગ્લોબલ વોર્મિંગ સહિતના અનેક કારણોને જવાબદાર ગણવામાં આવે છે.

ગત વર્ષના હવામાનના એક રિપોર્ટ મુજબ આ વર્ષે દિવસ અને રાત્રીના તાપમાનમાં વધારો સરેરાશ કરતા વધુ હશે અને તેની અવધી પણ લાંબી હશે. ફેબ્રુઆરી અને માર્ચનું પ્રથમ સપ્તાહ ગરમી ઠંડી માટે જાણીતું હોય છે અને હોળી બાદ ગરમીનો પારો ઉંચો જવા લાગે છે પણ હવે તાપમાન નિષ્ણાંતો કહે છે કે માર્ચ




માસમાંજ લુનો અનુભવ થવા લાગે તો આશ્ચર્ય થશે નહી.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેંજનો આ પ્રભાવ છે. જેના કારણે ફેબ્રુઆરી માસમાંજ ઠંડી અચાનક જ ગાયબ થઈ છે અને ગરમી આવી ગઈ છે તેમજ લઘુતમ અને મહતમ તાપમાન બન્ને વધવા લાગ્યા છે અને માર્ચથી છેક જૂનના મધ્ય સુધી ગરમીનો પારો ઉંચો જ રહેશે.


ખાસ કરીને મધ્ય પુર્વ તથા ઉતર પશ્ચીમમાં લુના દિવસો વધશે જે ૬થી૧૦ દિવસ અત્યંત તિવ્ર હશે. ભારતમાં ગરમી વધવાનું છેક ૧૯૦૧ થી શરૂ થયુ છે પણ ૨૦૧૬-૨૦૨૫નો ગાળો અલનીનોના પ્રભાવથી આ દશકો સૌથી ગરમ રહ્યો છે. ૨૦૨૪માં સૌથી લાંબુ હીટવેવ અને રાજસ્થાનમાં તો ૫૦ ડીગ્રી સેલ્સીયસ સુધી તાપમાન પહોંચી ગયું હતું અને આ વર્ષે મેદાની ક્ષેત્રમાં પારો હાલથી જ ૩-૪ ડીગ્રી વધુ હશે એ નબળા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ થોડી રાહત એક-બે દિવસ આપી શકે છે.

ભારત ૧૦૦ વર્ષમાં તાપમાન સરેરાશ ૦.૮ ડીગ્રી સેલ્સીયસ વધુ છે. ગ્લોબલ વોર્મિંગથી ઠંડીની ઋતુ ઘટતી જાય છે અને ગરમી લાંબી થતી જાય છે. વસંત ઋતુ તો કાયમી ગાયબ થઈ હોય તેવું દ્રશ્ય છે તો મોટા શહેરો જ નહી હવે મોટાભાગના ક્ષેત્રોમાં સિમેન્ટ કોંક્રીટની ઈમારતો વૃક્ષોનું ઘટવુ અને કાર્બન ઉત્સર્જન કરે તેવા વાહનો, એરકન્ડીશન્ડનો વધતો ઉપયોગ હવે રાત્રીના તાપમાનને પણ ઘટાડતા નથી.

આમ મૌસમની પેટર્ન જ બદલી છે. વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ ખૂબજ કમજોર બની ગયો છે તથા વરસાદ હીમ-વર્ષાના ગાળો ઘટતા આકાશ સ્વચ્છ રહે છે. જેથી સુરજના કિરણો વધુ સમય ધરતી પર પડે છે.

દિલ્હીથી અમદાવાદમાં ગઈકાલનું ૩૧થી ૩૬ ડીગ્રી નોંધાયુ છે જે ૩થી૭ ડીગ્રી વધુ છે. રાજસ્થાનમાં રાત્રીનું તાપમાન ૨૦ ડીગ્રી પહોંચી ગયું છે.

## ઈરાન પર હુમલો કરશે તો અમેરિકાની ડિફેન્સ ઈન્ડસ્ટ્રી ઠપ કરી દઈશું: ચીનની ધમકી



**મુખ્ય સમાચાર, બેઈજીંગ**


અમેરિકા અને ચીન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે હવે ચીન ખુલીને ઈરાનના પક્ષમાં આવી ગયું છે. ચીને વોશિંગ્ટનને સીધી ધમકી આપી છે કે જો અમેરિકા તેહરાન(ઈરાન) પર હુમલો કરશે, તો ચીન તરત જ રેર મેટલની નિકાસ રોકી દેશે. આ ધમકી અત્યંત ગંભીર માનવામાં આવે છે કારણ કે અમેરિકા તેની જરૂરિયાતના ૯૦% રેર મેટલ ચીન પાસેથી જ ખરીદે છે. જો ચીન આ સપ્લાય અટકાવે, તો માત્ર ૪૮ કલાકની અંદર અમેરિકાની આખી ડિફેન્સ ઈન્ડસ્ટ્રી ઠપ થઈ શકે છે.

રેર મેટલ અત્યાધુનિક -૩૫ ફાઈટર જેટ્સ, મિસાઈલ ગાઈડન્સ સિસ્ટમ અને હાઈ-ટેક ઈલેક્ટ્રોનિક ચિપના ઉત્પાદનમાં પાયાનું ઘટક છે. આ કિંમતી ધાતુઓના પુરવઠા વિના અમેરિકાની સૈન્ય તાકાત અને સંરક્ષણ પ્રણાલી સંપૂર્ણપણે પાંગળી બની શકે તેમ છે.

બીજી તરફ, ચીન હવે ઈરાનને અત્યાધુનિક હથિયારો વેચવાની પણ તૈયારી કરી રહ્યું છે. અહેવાલો મુજબ, ઈરાન ચીન પાસેથી ’-૩૦૨’ સુપરસોનિક એન્ટી-શિપ મિસાઈલો ખરીદવા જઈ રહ્યું છે, જે ૨૯૦ કિલોમીટર સુધીની મારક ક્ષમતા ધરાવે છે અને અમેરિકાના એરક્રાફ્ટ કેરિયર કે વિનાશક જહાજોને ડુબાડવા માટે સક્ષમ છે.

## રાજકોટ સહિત રાજયભરમાં બોર્ડની પરિક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

### ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાના કેન્દ્રો પર વિદ્યાર્થીઓનું કુમ-કુમ તિલકથી સ્વાગતઃ ચેકીંગ સ્ક્વોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રોનું રાઉન્ડ ધ ક્લોક ચેકીંગ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી રાજકોટ શહેર-જિલ્લા સહિત રાજ્યભરમાં ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ થવા પામેલ છે અને રાજકોટ જિલ્લાના ૮૦૨૪૮ સહિત રાજ્યમાં ૧૫.૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ કસોટી આપી રહ્યા છે. જેમાં સૌરાષ્ટ્રના ૩.૭૦ લાખ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભાવીની આ કસોટીનો પ્રારંભ થતાં જ રાજ્યભરમાં પરીક્ષા ફીવર છવાઈ જવા પામેલ છે. પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષા કેન્દ્રો પર ઉચ્ચ અધિકારીઓ પદાધિકારીઓ અને શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓનું કુમ-કુમ તિલકથી સ્વાગત કરી તેઓના મીઠા મોં કરાવી સ્વાગત સાથે વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભેચ્છા આપવામાં આવી હતી.

પરીક્ષાના આજે પ્રથમ દિવસે સવારના સેશનમાં ધો.૧૦માં ગુજરાતી (પ્રથમ ભાષા)નું અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સહકાર પંચાયતનું પેપર લેવામાં આવી રહ્યું છે. જ્યારે બપોરના સેશનમાં ૩ થી ૬-૩૦ કલાક દરમિયાન ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહનું પેપર લેવામાં આવશે. સવારના સેશનમાં લેવાયેલ ધો.૧૦નું પેપર ટેક્સબુક આધારિત સરળ નીકળતા વિદ્યાર્થીઓ ખુશખુશાલ બની ગયા હતાં.

રાજકોટ શહેર-જિલ્લાના ૬૫ સહિત રાજ્યના ૧૭૦૦થી વધુ પરીક્ષા કેન્દ્રોના ૫૫૬૫ શાળાઓની બિલ્ડીંગો અને ૫૩૫૦૦થી વધુ બ્લોકમાં આ પરીક્ષા લેવાઈ રહી છે. આ વખતે બોર્ડના વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતા ૪૦ નવા કેન્દ્રોનો વધારો થવા પામેલ છે.

બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ થતાં જ રાજ્યભરમાં પરીક્ષા ફીવર છવાઈ જવા પામેલ છે. બોર્ડ પરીક્ષાના સંવેદનશીલ કેન્દ્રો પર વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. પરીક્ષામાં ચોરી અને ગેરરીતિના બનાવો પર રોક લગાવવા ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે. પરીક્ષામાં પેપર લીક ન થાય તે માટે એપ્લીકેશનથી ટ્રેકીંગ કરવામાં આવી રહ્યું છે.

## જમીન જેવી સ્થાવર મિલ્કતની ખરીદી માટે રૂ.૨૦ લાખ સુધી PANમાંથી મુક્તિ આપવાનો પ્રસ્તાવ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આવકવેરા વિભાગે નવા આવકવેરા કાયદા હેઠળ ડ્રાફ્ટ આવકવેરા નિયમો ૨૦૨૬ જારી કર્યા છે. આ પ્રસ્તાવિત નિયમો મિલકત વ્યવહારો માટે ભ્ખ્ફ ની જરૂરિયાત અંગે નોંધપાત્ર ફેરફારો સૂચવે છે. અગાઉ, રૂા.૧૦ લાખથી વધુ રકમ માટે ઘર અથવા જમીન જેવી સ્થાવર મિલકતની ખરીદી અથવા વેચાણ માટે ભ્ખ્ફ પ્રદાન કરવું ફરજિયાત હતું. જો કે, નવા ડ્રાફ્ટ નિયમોમાં આ મર્યાદા વધારીને રૂા.૨૦ લાખ કરવાનો પ્રસ્તાવ છે.

આવકવેરા વિભાગે નવી આવકવેરા વ્યવસ્થા હેઠળ આવકવેરા નિયમોનો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે. આ મિલકત ખરીદી અને વેચાણ વ્યવહારો માટે PAN કાર્ડની જરૂરિયાત અંગે નોંધપાત્ર ફેરફાર સૂચવે છે.

પહેલાં, ૧૦ લાખ રૂપિયાથી વધુ કિમતની મિલકત (ઘર અથવા પ્લોટ) ખરીદવા અથવા વેચવા માટે PAN કાર્ડ આપવું ફરજિયાત હતું. હવે, સરકારે આ મર્યાદા વધારીને ૨૦ લાખ રૂપિયા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જો આ નિયમ લાગુ કરવામાં આવે તો, ૨૦ લાખ રૂપિયાથી ઓછી કિમતની મિલકત વ્યવહારો માટે PAN જરૂરી રહેશે નહીં. જોકે, ૨૦ લાખ રૂપિયા કે તેથી વધુ કિમતની મિલકતો માટે ફરજિયાત રહેશે.

નવા ડ્રાફ્ટમાં જણાવાયું છે કે ફક્ત ખરીદી અને વેચાણ જ નહીં, પરંતુ મિલકત સંબંધિત અન્ય કેટલાક વ્યવહારો પણ PAN હેઠળ આવરી લેવામાં આવશે. આમાં ભેટમાં મિલકત આપવી અને સંયુક્ત વિકાસ કરારનો સમાવેશ થાય છે. જોકે, ૨૦ લાખ રૂપિયાની મર્યાદા હજુ પણ આ માટે લાગુ પડશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગર કલેક્ટર કચેરી અને ક્રિસ્ટલ મોલ ખાતે પણ રાષ્ટ્રીય કક્ષાની હાઈ-લેવલ 'મોકડ્રીલ' યોજાઈ

## આતંકી હુમલા સામે તંત્રની સજ્જતા ચકાસવા NSG, ચેતક કમાન્ડો અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલ બાદ જામનગર જિલ્લા કલેક્ટર કચેરીના બીજા માળે તેમજ શહેરના વ્યસ્ત એવા ક્રિસ્ટલ મોલ ખાતે આ જ પ્રકારની આતંકવાદ વિરોધી 'મોકડ્રીલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કવાયત દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક વહીવટી તંત્રએ સંભવિત કટોકટી સામે પોતાની સજ્જતા અને ત્વરિત પ્રતિસાદનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.ઓપરેશનમાં કલેક્ટર કચેરીના બીજા માળ પર તથા ક્રિસ્ટલ મોલની અંદર ૭ આતંકવાદીઓ દ્વારા હુમલો કરી ૧૨ જેટલા નાગરિકોને બાન પકડવાની સ્થિતિનો 'ડમી' સિનારીયો ઊભો કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ નેશનલ સિક્યુરિટી ગાર્ડ, ચેતક કમાન્ડો, પોલીસ તંત્ર અને ક્વિક રિસ્પોન્સ ટીમ દ્વારા આ સંવેદનશીલ સ્થળોને કોર્ડન કરવામાં આવ્યા હતા.

જાનમાલને કોઈ જ નુકશાન ન થાય તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક બુલેટ પ્રુફ વાહનો, ફાયર ફાઈટર અને એમ્બ્યુલન્સ સહિતના અદ્યતન સાધનો તૈનાત કરી દેવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા આતંકી ઘટના અંગેનો મેસેજ મળતાની સાથે જ ગણતરીની મિનિટોમાં તમામ સંબંધિત વિભાગોના કાફલાઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

વ્યૂહાત્મક રીતે હાથ ધરવામાં આવેલા આ ઓપરેશન દરમિયાન બંન્ને સ્થળનો વીજપુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. સુરક્ષા દળો તથા કમાન્ડો દ્વારા અત્યંત કુશળતાપૂર્વક આતંકી કાવતરું નિષ્ફળ બનાવી તમામ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા અને તમામ ૧૨ હોસ્ટેજિસને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. કલેક્ટર કચેરી ખાતે સાંજે ૬:૪૮ કલાકે શરૂ થયેલી આ દિલધડક મોકડ્રીલ સતત ૫ કલાકથી વધુ સમય સુધી ચાલી હતી અને રાત્રે ૧૨:૨૦ કલાકે પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

જ્યારે ક્રિસ્ટલ મોલ ખાતે રાત્રે ૧૧:૩૦ કલાકે શરૂ થયેલી મોકડ્રિલ રાત્રે ૩:૨૦ કલાકે પૂર્ણ થઈ હતી.જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા તમામ વિભાગો વચ્ચે ગણતરીની ઘડીઓમાં સંકલન સાધવામાં આવ્યું હતું. રિલાયન્સ બાદ જાહેર સ્થળ એવા કલેકટર કચેરી અને ક્રિસ્ટલ મોલ ખાતે યોજાયેલી આ મોકડ્રીલનો થકી સુરક્ષા વ્યવસ્થાની ગહન ચકાસણી કરાઈ હતી અને વિવિધ એજન્સીઓ વચ્ચેના તાલમેલને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરાયો હતો. આ સફળ તાલીમ દ્વારા જામનગર જિલ્લા વહીવટી તંત્રએ સાબિત કર્યું છે કે તેઓ કોઈપણ પ્રકારની આપત્તિજનક પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે.

# લીલાપર રોડના સર્વાંગી વિકાસ અને બ્યુટીફીકેશન પ્રોજેક્ટ માટે રૂ. ૧૩.૩૧ કરોડનું ટેન્ડર મંજૂર



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા લીલાપર રોડના ૪.૭૫ કિમી. વિસ્તારમાં સર્વાંગી વિકાસ અને બ્યુટીફીકેશન માટે રૂ.૧૩.૩૧ કરોડના પ્રોજેક્ટનું ટેન્ડર લાઈવ કરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ હેઠળ ફૂટપાથ, ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટ, પેવર બ્લોક, પોકેટ ગાર્ડન અને સિટીંગ એરિયા જેવી આધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવશે.

મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના લીલાપર રોડના સર્વાંગી વિકાસ અને બ્યુટીફીકેશન માટે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં અંદાજે ૪.૭૫ કિલોમીટર લંબાઈ અને ૧૨ મીટર પહોળાઈ ધરાવતા આ મુખ્ય માર્ગને આધુનિક શહેરી કોરિડોર તરીકે વિકસાવવા રૂ.૧૩.૩૧ કરોડના ખર્ચે ટેન્ડર પ્રક્રિયા લાઈવ કરવામાં આવી છે. પ્રોજેક્ટ અંતર્ગત બંને બાજુ સુવિધાસભર ફૂટપાથ, મજબૂત અને આકર્ષક પેવર બ્લોક ફ્લોરિંગ, પ્રીકાસ્ટ કર્બ સ્ટોન, માર્ગ કિનારે વૃક્ષારોપણ, આધુનિક ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટ્સ, નાગરિકો માટે સિટીંગ એરિયા અને પોકેટ ગાર્ડન જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે. ઉપરાંત સ્વચ્છતા માટે પૂરતી સંખ્યામાં ડસ્ટબિન, દિશાસૂચક સાઈનેજ અને માર્ગ સલામતી માટે સ્પષ્ટ ઝેબ્રા ક્રોસિંગ પણ બનાવવામાં આવશે.

આ પ્રોજેક્ટથી રાહદારીઓ માટે વધુ સલામત માર્ગ, રાત્રિના સમયમાં પ્રકાશ વ્યવસ્થા, પર્યાવરણમૈત્રી વિકાસ અને શહેરની સૌંદર્યવૃદ્ધિ જેવા મહત્વપૂર્ણ લાભ મળશે. મનપાની સિવિલ તથા સિટી બ્યુટીફીકેશન શાખા દ્વારા હાથ ધરાયેલ આ પ્રોજેક્ટ મોરબી શહેરની ઓળખને નવી દિશા આપશે અને નાગરિકો તેમજ મુલાકાતીઓ માટે સ્વચ્છ, સુરક્ષિત અને આધુનિક અનુભવ પૂરો પાડશે.

# મોરબી મનપાની ફાયર શાખા દ્વારા ૨૧૭ લોકોને ફાયર પ્રિવેન્શન ટ્રેનિંગ અપાઈ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાપાલિકાની અગ્નિશમન શાખાએ ચાર સરકારી કચેરીમાં કુલ ૨૧૭ કર્મચારીઓને ફાયર પ્રિવેન્શન ટ્રેનિંગ આપી હતી. સાથે જ ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ચેકિંગ, એનઓસી વિના બિલ્ડિંગોને નોટિસ અને સુરક્ષા સિસ્ટમ લાગુ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન (ફાયર) શાખા દ્વારા ફાયર પ્રિવેન્શન અભિયાન અંતર્ગત ચાર સરકારી કચેરીઓમાં કુલ ૨૧૭ વ્યક્તિઓને આગથી બચાવ અને ઈમરજન્સી સ્થિતિમાં કરવાનાં પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ટ્રેનિંગ દરમિયાન ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ, તાત્કાલિક પ્રતિસાદ અને સલામતીના નિયમોની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત અગાઉ આપવામાં આવેલી નોટિસોના અનુસંધાને ૧૮૫ કોમ્પ્લેક્સ અને ૩૮ સમાજવાડીમાં ફાયર સેફ્ટી સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે અથવા કામગીરી પ્રગતિ હેઠળ છે. ફાયર એનઓસી વગર ચાલતી બિલ્ડિંગોને નોટિસ પાઠવી જરૂરી ગાઈડલાઈન પણ આપવામાં આવી છે. આ દરમિયાન ફાયર સેફ્ટી અપ્રુવલ માટે ૧ અરજી પ્રાપ્ત થઈ હતી, જેને આર.એફ.ઓ. કચેરી ખાતે ફોરવર્ડ કરવામાં આવી છે.

તાજેતરમાં મોરબીમાં ૨ રેસ્ક્યુ કોલ તેમજ ૩ આગ લાગવાના બનાવ નોંધાયા હતા, જેમાં ફાયર વિભાગના જવાનો દ્વારા આધુનિક પીપીઈ સાધનો સાથે સફળ ફાયર ફાઈટીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. અગ્નિશમન શાખાએ નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ દુર્ઘટના સમયે મોરબી ફાયર અને ઈમરજન્સી સર્વિસના ફોન નં. ૦૨૮૨૨ ૨૩૦૦૫૦, ૧૦૧ અથવા ૧૧૨ પર તાત્કાલિક સંપર્ક કરી જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા અપીલ કરી છે.

# મોરબી જીલ્લામાં કથળતી કાયદો-વ્યવસ્થા મુદ્દે કડક કાર્યવાહીની માંગ સાથે કલેક્ટરને કોંગ્રેસનું આવેદન



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જીલ્લામાં વધતી ગુનાખોરી, દારૂ-જુગારની બદી અને પોલીસ પેટ્રોલિંગના અભાવ મુદ્દે કલેક્ટરને આવેદન પાઠવાયું છે. જીલ્લા પ્રમુખ કિશોરભાઈ ચીખલિયાની આગેવાનીમાં રજૂઆત કરી કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કલેક્ટરને આવેદન આપી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. જીલ્લા પ્રમુખ કિશોરભાઈ ચીખલિયા સહિતની ટીમે કલેક્ટરને આવેદન આપી જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી મોરબી જીલ્લામાં ગુનાખોરીના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે લોકોમાં ભય અને અસુરક્ષાની ભાવના ફેલાઈ છે. શનાળા મેઈન રોડ જેવા જાહેર વિસ્તારોમાં થયેલી હત્યાની ઘટનાઓથી શહેરી વિસ્તારમાં દહેશતનો માહોલ છે. ઉપરાંત માળિયા અને આસપાસના વિસ્તારોમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા અંદાજે રૂ.૧.૬૩ કરોડના વિદેશી દારૂની જપ્તીથી સ્થાનિક સ્તરે કાયદાનો અમલ નબળો પડ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં, ખાસ કરીને રોહિશાળા ગામમાં રાત્રિના ચોરીના બનાવોને કારણે ખેડૂતોમાં ભય ફેલાયો છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે તાજેતરની હત્યાની ઘટના બાદ સતત રાત્રિ પેટ્રોલિંગ કરવાની માંગ છતાં પૂરતી કાર્યવાહી થતી નથી. સાથે જ નાના પ્રમાણમાં દારૂના કેસ નોંધાવી સંતોષ માનવામાં આવે છે, જ્યારે વાસ્તવમાં મોટા પાયે દારૂનું વેચાણ થતું હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

આ સાથે કોંગ્રેસ સમિતિએ માંગ કરી છે કે સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે, ગુનેગારો સામે કડક કાર્યવાહી કરી કાયદાનો ડર બેસાડવામાં આવે અને દારૂ-જુગારના અડ્ડાઓ પર કાયમી રોક લગાવવામાં આવે. જીલ્લા કોંગ્રેસ સમિતિએ આશા વ્યક્ત કરી છે કે કલેક્ટર દ્વારા યોગ્ય તપાસ કરી પોલીસ તંત્રને જરૂરી કડક સૂચનાઓ આપવામાં આવશે જેથી મોરબી જીલ્લામાં ફરી શાંતિ અને સુરક્ષાનો માહોલ સ્થાપિત થઈ શકે.

# મોરબી મનપા દ્વારા પીએમ આવાસ યોજના અંતર્ગત બીએલસી કેમ્પનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાન મંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ યોજના હેઠળ બીએલસી ઘટકના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રૂ. ૩ લાખથી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓ નવા આવાસ બાંધકામ માટે ડીમાન્ડ સર્વેમાં નોંધણી કરાવી, રૂ. ૪ લાખ સુધીની સહાય મેળવી શકે છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હેઠળ બેનીફિશિયરી લેડ કન્સ્ટ્રકશન ઘટક માટે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં વાર્ષિક આવક રૂ. ૩ લાખથી ઓછી ધરાવતા પાત્ર લાભાર્થીઓ ખુલ્લા પ્લોટ અથવા કાચું, અર્ધકાચું કે જર્જરિત મકાન તોડી સરકારના ધારા-ધોરણ અને ગાઈડલાઈન્સ મુજબ નવા આવાસના બાંધકામ માટે નોંધણી કરાવી શકશે. આ યોજના હેઠળ એક નવા આવાસના બાંધકામ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કુલ મળીને રૂ.૪ લાખની સહાય ચાર હપ્તામાં આપવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા પાત્ર નાગરિકોને વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ માટે બીએલસી ઘટક કેમ્પ મોરબી મહાનગરપાલિકા ક્લસ્ટર-૪ કચેરી (જૂની ત્રાજપર ગ્રામપંચાયત ઓફિસ) મોરબી તા.૨૬/૦૨ ગુરુવાર, મોરબી મહાનગરપાલિકા ક્લસ્ટર-૪ કચેરી (જૂની ભડિયાદ ગ્રામપંચાયત ઓફિસ) મોરબી તા.૨૭/૦૨ ને શુક્રવાર, મોરબી મહાનગરપાલિકા ક્લસ્ટર-૫ કચેરી (જૂનું સો-ઓરડી બાલમંદિર) મોરબી તા.૨૮/૦૨ શનિવારના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જે દરેક કેમ્પનો સમય સવારે ૧૦.૩૦ થી સાંજે ૫.૦ વાગ્યા સુધી રહેશે. ત્યારે મહાપાલિકા દ્વારા તમામ પાત્ર લાભાર્થીઓને જરૂરી દસ્તાવેજો સાથે આ કેમ્પમાં હાજર રહી યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

# મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે પુષ્પરાજસિંહ જાડેજાની ફરી નિમણૂંક



**મુખ્ય સમાચાર, મોરબી**

ઉમોરબી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે પુષ્પરાજસિંહ બળવંતસિંહ જાડેજાની પુનઃ નિમણૂંક કરવામાં આવી છે. આ સાથે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા દ્વારા પત્ર લખી શુભેચ્છા પાઠવી અને સંગઠન સૃજન અભિયાન અંતર્ગત પક્ષને મજબૂત બનાવવાની આશા વ્યક્ત કરી છે.

મોરબી શહેર કોંગ્રેસ સમિતિમાં સંગઠનાત્મક માળખાને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. સંગઠન સૃજન અભિયાન અંતર્ગત પુષ્પરાજસિંહ બળવંતસિંહ જાડેજાની ફરી એકવાર શહેર પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આ તકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ પત્ર દ્વારા તેમને અભિનંદન પાઠવતા જણાવ્યું છે કે, તેમની સક્રિયતા અને નેતૃત્વ ક્ષમતા દ્વારા પક્ષની વિચારધારા અને કાર્યક્રમોને જનજન સુધી પહોંચાડવામાં સફળતા મળશે. પુષ્પરાજસિંહ જાડેજા સૌ કાર્યકરોને સાથે રાખી સંગઠનને વધુ મજબૂત બનાવશે અને આવનારા સમયમાં કોંગ્રેસ પક્ષને નવી દિશા આપશે. તેમની પુનઃ નિમણૂંકથી કાર્યકરોમાં ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે.

# મોરબી મનપાની ANCD શાખાની કામગીરી: ૨૫૭૨ રખડતા પશુ પકડી પાંજરાપોળમાં મોકલ્યા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની પ્રાણી રંજાડ અંકુશ શાખાએ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં જાહેર માર્ગો પરથી ૨,૫૭૨ રખડતા પશુ પકડી ગૌશાળા અને પાંજરાપોળમાં મૂક્યા છે. સાથે જ ૧,૮૪૯ પશુઓનું RFID ટેગિંગ, ૨૭૬ માલિકોને લાયસન્સ અને ૩૩ પેટડોગનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

મોરબી મહાનગરપાલિકાની ANCD શાખા દ્વારા શહેરમાં રખડતા પશુઓ સામે અભિયાન તેજ કરવામાં આવ્યું છે. જેમાં ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી જાહેર માર્ગ પર અવરજવર માટે અડચણરૂપ બનેલા કુલ ૨,૫૭૨ પશુઓ પકડી તેમને આજુ-બાજુની ગૌશાળા તથા પાંજરાપોળમાં મુકવામાં આવ્યા છે. મનપાની આ કામગીરી અંતર્ગત ૨૭૬ પશુ માલિકોને લાયસન્સ આપવામાં આવ્યા છે, જ્યારે ૩૨ લોકોને ઘાસ વેચાણ માટે પરમિટ અપાઈ છે. ઉપરાંત ૩૩ નાગરિકોના પેટડોગનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. શહેરમાં પશુઓની ઓળખ અને નિયંત્રણ માટે અત્યાર સુધી કુલ ૧,૮૪૯ પશુઓનું તથા ટેગિંગ કરવામાં આવ્યું છે. આ સાથે પશુ રંજાડ અંકુશ શાખાએ પશુ માલિકોને ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવા અને પેટડોગ માલિકોને પણ પોતાના પાળતુ પ્રાણીઓનું નોંધણી કરાવવા અપીલ કરી છે. RFID તથા ટેગિંગની કામગીરી આગામી સમયમાં પણ યથાવત્ ચાલુ રાખવામાં આવશે તેમ યાદીમાં જણાવ્યું છે.

# મોરબીના મોડપર ગામ નજીક ટ્રક હડફેટે મોટર સાયકલ ચાલકનુ મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જામનગર-પીપળીયા હાઈવે રોડ ઉપર માર્ગ અકસ્માતના બનાવમાં રાજકોટ સ્થિત કંપનીમાં એન્જીનીયર તરીકે કામ કરતા ઉત્તરપ્રદેશના યુવકનું મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. હાલ અકસ્માતમાં મોતના બનવ અંગે મૃતક મોટર સાયકલ ચાલકને કાકાની ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદમાં જલારામ વાટીકા ન્યુ મણીનગર રહેતા મૂળ હાથરસ જીલ્લાના ગુજરપુર ગામના વતની રાહુલભાઈ પ્રમોદભાઈ શર્મા ઉવ.૩૫ એ તાલુકા પોલીસ મથકમાં આરોપી ટ્રક ટેઈલર રજી.નં. આરજે-૧૯-જીજે-૮૬૯૭ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યા અનુસાર ગઈકાલે તા.૨૪/૦૨ના રોજ ફરિયાદીનો ભત્રીજો વિકાસભાઈ મુનેશભાઈ શર્મા પોતાનું મોટર સાયકલ રજી.ન. જીજે-૦૪-બીએલ-૯૯૯૧ લઈને જતો હોય તે દરમિયાન જામનગર-પીપળીયા હાઈવે રોડ ઉપર મોડપર બ્રિજ ઉપર ઉપરોક્ત ટ્રક ટેઈલરના ચાલકે પોતાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી આવી મોટર સાયકલને હડફેટે લેતા મોટર સાયકલ ચાલક વિકાસભાઈ ટ્રક ટેઈલરની બોડી સાથે અથડાયા હતા, આ અકસ્માતમાં વિકાસભાઈને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા તેમનું સ્થળ ઉપર કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. હાલ તાલુકા પોલીસે ફરિયાદને આધારે આરોપી સામે બીએનએસ તથા એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શ્યામલાલજીની હવેલીએ કાલથી તા.૩ સુધી ફુલ ફાગ રસિયા યોજાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રની અતિ પ્રાચીન શ્રી શ્યામલાલજીની હવેલીમાં આવતીકાલ તા.૨૭ને એકાદશી અગિયારસ છે ફાગણ સુદ-૧૧ અગિયારસ થી ફાગણ સુદ-૧૫ પૂનમ સુધી હોળી ફુલ ફાગ રસિયા સાંજે ૬:૩૦ થી ૮ સુધી હોય છે તેમજ રાળ ખેલ ની ઝાંખી ૭૩૦ એ થશે તેમજ રસિયાની સમાપ્તિ પછી કણિકા પ્રસાદની બટાડશે તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે વધુ વિગત માટે હવેલીનો નંબર ૮૫૧૧૭૬૩૭૬૩ જેના પર સંપર્ક કરવો.

# ધોરાજી નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળાનો પ્રારંભ



**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

સ્વદેશી બનાવટની વસ્તુઓ ને બજારમાં વેગ મળે જેના હિસાબે રોજગારીની તકો અને સ્વદેશી વસ્તુઓનું માર્કેટમાં વેચાણ વધે વધુ ગ્રાહકો ઉપભોક્તા થાય એવા મિશ્ર હેતુસર ધોરાજી નગરપાલિકા દ્વારા ધોરાજી લેઉવા પટેલ સાંસ્કૃતિક ભુવન ખાતે સ્વદેશી મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# મોરબીમાં હિસ્ટ્રીશીટર વ્યાજખોરે ૫૦ હજારના બદલામાં વેપારીની કાર પડાવી લીધી

## ૧૦ દિવસ માટે લીધેલી રકમ ત્રણ ગણી પરત માંગી વેપારી સહિત પરિવારને જાનથી મારી નાખવાની ધમકી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં પણ મસાલાના વેપારીએ પોતાના ધંધામાં આર્થિક જરૂરિયાતને લઈને દસ દિવસ માટે એસન્ટ કાર ગીરવે રાખી રૂ.૫૦,૦૦૦/- ઊંચા વ્યાજે લીધા હતા. ૧૦ દિવસ બાદ વ્યાજ અને મુદલ પરત કરવા આવતા વેપારીને રૂ.૧.૫૦ લાખ ચૂકવી કાર પરત લઈ જવાનું કહી પરિવાર સહિત જાનથી મારી નાખવાની ધમકી આપનાર માથાભારે આરોપી વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, મોરબીના શક્ત શનાળા જુના ગામમાં રહેતા અને બેલા ગામ પાસે પાન-મસાલાની દુકાન ચલાવતા અરવિંદભાઈ હરજીભાઈ પનારા ઉવ.૪૫એ માથાભારે અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા રીઢા વ્યાજખોર ભરતભાઇ કાળુભાઇ ગોગરા રહે. મોરબી બોરીચા વાસ વાળા વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, વર્ષ ૨૦૨૨માં ધંધાકીય જરૂરિયાતને કારણે તેમણે ૧૦ દિવસ માટે રૂ.૫૦ હજાર વ્યાજે લીધા હતા, આરોપી ભરત કાળુભાઈ ગોગરાએ ૩૦ ટકા વ્યાજની શરતે રકમ આપીને તેમની એસેન્ટ કાર રજી.નં. જીજે-૦૧-કેએન-૮૨૨૫ પોતાની પાસે રાખી હતી. ત્યારે દસ દિવસ બાદ ફરિયાદી અરવિંદભાઈ મૂળ રકમ પરત આપવા જતા આરોપીએ રૂ.૧.૫૦ લાખની માંગ કરી હતી. વેપારીએ આટલી મોટી રકમ અશક્ય હોવાનું કહી કાર પરત માંગતા આરોપીએ ગાળો બોલી ધમકીઓ આપી હતી. જે બાદ આરોપી અવારનવાર ફોન કરી જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો અને એક વખત ઘરે આવી પરિવારને પણ મારી નાખવાની ધમકી આપી હતી. હાલ એ ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ બીએનએસ કલમ તથા ગુજરાત નાણાં ધીરધાર બાબત અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# સરગમ ક્લબ અને લલિતાબેન માંડલિયાના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ સીધા સ્થળ પર પહોચવું દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને લલિતાબેન મનુભાઈ માંડલિયા (સોના જવેલર્સ દુબઈ) અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા. ૧/૦૩/૨૦૨૬ રવિવાર થી ૩/૦૩/૨૦૨૬ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે. આ કેમ્પ તા.૧/૦૩/૨૦૨૬ થી ૩/૦૩/૨૦૨૬ સુધી માર્ચ માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૩/૨૬ રવિવારના રોજ સવારે ૮ કલાકે ખાસ સરગમભવન,જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૮ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ દુબઈ નિવાસી સોના જવેલર્સ ના તેમજ તેના પરિવારજનો નિતેશભાઈ માંડલિયા, બંસરીબેન, દેવ અને દિયા માંડલિયા પરિવારનો સહયોગ મળેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવ-ાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને નિતેશભાઈ માંડલિયા તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

# ઈન્ડિયન રેડક્રોસ, રાજકોટ દ્વારા નિઃશુલ્ક હેલ્થ કેર આસિસ્ટન્ટ કોર્સઃ ૨૮ ફેબ્રુઆરી સુધી પ્રવેશ પ્રક્રિયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજકોટ જિલ્લા બ્રાંચ દ્વારા હેલ્થ કેર આસિસ્ટન્ટ સર્ટિફિકેશન કોર્સ શરૂ કરવામાં આવી રહ્યો છે. આ કોર્સ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે.

ગુજરાત રાજ્યમાં જરૂરિયાતમંદ દર્દીઓને તાલીમ પ્રાપ્ત, પ્રોફેશનલ અને માનવતાવાદી અભિગમ સાથે સંભાળ મળી રહે તે હેતુથી હેલ્થ કેર આસિસ્ટન્ટ કોર્સ ચલાવવામાં આવે છે. ગુજરાત રેડક્રોસ, ગુજરાત સરકાર, ગુજરાત ઓથોરિટી તથા કૌશલ્ય યુનિવર્સિટીના સહયોગથી સમગ્ર ગુજરાતને આવરી લેતો છ માસનો સર્ટિફિકેશન કોર્સ તૈયાર કરવામાં આવ્યો છે. આ કોર્સનો હેતુ ઓછો અભ્યાસ કરી શકેલા જરૂરિયાતમંદ ભાઈ-બહેનોને તાલીમ આપીને આત્મગૌરવ સાથે રોજગારી અને માનવસેવાની તક પૂરું પાડવાનો છે.

કોર્સની કુલ અવધિ છ મહિનાની રહેશે, જેમાં પ્રથમ ત્રણ મહિના થિયરી તાલીમ અને ત્યારબાદ ત્રણ મહિના સ્થાનિક ખાનગી અથવા સરકારી હોસ્પિટલમાં પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવશે.

પ્રવેશ માટે ઉમેદવાર ધોરણ ૧૦ પાસ હોવો જરૂરી છે. ઉમર મર્યાદા ૧૮ થી ૩૫ વર્ષ રાખવામાં આવી છે અને આ કોર્સમાં ભાઈઓ તથા બહેનો બંને માટે પ્રવેશ ખુલ્લો છે. પ્રવેશ માટે અરજી ફોર્મ સાથે શૈક્ષણિક પ્રમાણપત્ર, ઓળખ પુરાવા (આધારકાર્ડ અથવા વોટર આઈડી કાર્ડ વગેરે) તથા પાસપોર્ટ સાઈઝના ત્રણ ફોટોગ્રાફ રજૂ કરવાના રહેશે. સમગ્ર પ્રવેશ પ્રક્રિયા રાજકોટ રેડક્રોસ શાખા દ્વારા સંચાલિત થશે.

કોર્સમાં જોડાવા ઇચ્છુક ઉમેદવારોને પોતાની અરજી તા. ૨૮-૦૨-૨૦૨૬ સુધીમાં જમા કરાવવાની રહેશે. નામ નોંધણી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, કુંડલીયા કોલેજની બાજુમાં, શાસ્ત્રી મેદાન પાસે, સૂચક રોડ,રાજકોટ ખાતે કરાવવાની રહેશે.

વધુ માહિતી માટે મો. ૮૮૬૬૭૭૭૮૬૭/૯૪૨૮૦૩૭૪૯૮ અથવા ફોન નં. ૦૨૮૧ ૨૪૬૪૪૪૨ ઉપર સંપર્ક કરી શકે છે.

# રેલવે સેફ્ટી કમિશનર જામનગર-લાખાબાવળ રેલ સેક્શનના ડબલિંગનું નિરીક્ષણ કરશે

## જામનગર-લાખાબાવળ ટ્રેક પર આવતીકાલે ૧૨૦ કિમી/કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ; રેલવેની ટ્રાયલ દરમિયાન ટ્રેકથી દૂર રહેવા અપીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા રેલ સુરક્ષા અને સંચાલન ક્ષમતાને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં મહત્વનું પગલું ભરતા, રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટ અંતર્ગત જામનગર-લાખાબાવળ (૧૦ કિમી) સેક્શન વચ્ચે નવનિર્મિત અપ મેઈન લાઈન અને ડાઉન મેઈન લાઈનનું સુરક્ષા નિરીક્ષણ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ રેલ સેફ્ટી કમિશનર દ્વારા કરવામાં આવશે.

નિરીક્ષણ દરમિયાન નવી રેલ લાઈનોની સુરક્ષા, સ્થિરતા અને ટેકનિકલ માપદંડોની ચકાસણી કરવા માટે બંને અપ અને ડાઉન લાઈનો પર ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ લેવામાં આવશે. નવી લાઈન પર સુરક્ષિત અને ઝડપી ટ્રેન સંચાલન સુનિશ્ચિત કરવા માટે આ પરીક્ષણ એક મહત્વપૂર્ણ તબક્કો છે.

રેલવે પ્રશાસને તમામ સંબંધિતો અને સામાન્ય નાગરિકોને અપીલ કરી છે કે ટ્રાયલ રન દરમિયાન રેલવે ટ્રેકથી સુરક્ષિત અંતર જાળવી રાખે અને ટ્રેકની આસપાસ કોઈપણ પ્રકારની અવરજવર ટાળે. આ સમય દરમિયાન રેલવે ટ્રેક ઓળંગવો અથવા તેની નજીક જવું અત્યંત જોખમી અને જીવલેણ સાબિત થઈ શકે છે.

સુરક્ષા નિરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, આ સેક્શનમાં બંને લાઈનો પર ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે નિયમિત રેલ સેવાઓ શરૂ થવાની શક્યતા છે. જેનાથી રેલ સંચાલન વધુ સરળ, સુરક્ષિત અને અસરકારક બનશે અને મુસાફરોને બહેતર મુસાફરીનો અનુભવ પ્રાપ્ત થશે.

રેલવે પ્રશાસને જાહેર જનતાને સુરક્ષા નિયમોનું પાલન કરવા અને સુરક્ષિત રેલ સંચાલનમાં સહયોગ આપવા અપીલ કરી છે.

# રાજકોટમાં મચ્છરના ત્રાસથી શહેરીજનો પરેશાનઃ શાસકો વાહ.. વાહ..માં મસ્ત પ્રજા ત્રસ્ત

## રાજકોટ મહાનગરપાલિકાના વિપક્ષી નેતા વશરામ સાગઠીયાએ કમિશનરને આવેદન પત્ર પાઠવ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા દિવસથી મચ્છરોનો ત્રાસ દિવસેને દિવસે વધતો જાય છે. ખાસ કરીને વાતાવરણમાં ફેરફાર થતા નદી કાંઠાના વિસ્તારોમાં આ મચ્છરોએ શહેરીજનો માટે રહેવું દુર્લભ બનાવ્યું છે. આજે આ અંગે રાજકોટ મહાનગરપાલિકાના વિપક્ષી નેતા વશરામ સાગઠીયાએ મ્યુ. કમિશનરને આવેદન પત્ર પાઠવી જણાવ્યું હતું કે, નદી કાંઠાના વિસ્તારમાં મચ્છરોએ આતંક ફેલાવ્યો છે. જેના પરિણામે શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગોનું પ્રમાણ વધ્યું છે. આ અંગે બે વાર લેખીતમાં જણાવવામાં પણ આવ્યું પરંતુ અધિકારીઓ દ્વારા હજુ કોઇ નક્કર પગલા લેવાયા નથી. વધુમાં આજી નદીમાં વ્હેલનું પ્રમાણ ઘણુ વધારે છે જે માટે જેસીબીની માંગણી પણ લેખીતમાં કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી જેસીબી ઉપલબ્ધ નહીં બનતા વ્હેલ કાઢી સકાઇ નથી. જેના કારણે મચ્છરોના ઝુંડ વોર્ડ નં.૧૫-૧૬-૬-૪-૫ અને ૧૪માં વધુ છે. તો તાત્કાલીક આ મચ્છરોના ત્રાસથી બચાવવા કાર્યવાહી કરવામાં આવે. જો હવે પછી પગલા નહીં લેવાય તો કોંગ્રેસ દ્વારા નાછૂટકે આપને ઘેરાવ કરવાની ફરજ પડશે.

# રાજકોટમાં પોસ્ટ ઓફિસ ખાતે ૨૬થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ગંગાસ્વરૂપા યોજનાના લાભાર્થીઓ માટે મેગા કેમ્પ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝન હેઠળ તમામ હેડ, સબ અને બ્રાન્ચ પોસ્ટ ઓફિસમાં તા. ૨૬થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓ માટે મેગા કેમ્પનું આયોજન કરાયું છે.

**કેમ્પ દરમિયાન ઉપલબ્ધ સેવાઓ**

- આઈ.પી.પી.બી. ખાતું ખોલવું.
- આઈ.પી.પી.બી. ખાતામાં આધાર સીડિંગ કરવું
- પી.ઓ.એસ.બી. ખાતાનું આઈ.પી.પી.બી. સાથે લિંકેજ

**કોણે હાજર રહેવું**

- જેમનું આઇ.પી.પી.બી. ખાતું નથી.
- જેમના આઇ.પી.પી.બી. ખાતામાં આધાર સીડિંગ થયું નથી.
- જેમનાપી.ઓ.એસ.બી. ખાતાનું આઇ.પી.પી.બી. સાથે લિંકેજ થયું નથી

**સાથે લાવવા જરૂરી દસ્તાવેજો**

- આધાર કાર્ડ
- આધાર સાથે જોડાયેલા મોબાઇલ નંબર
- પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેંક પાસબુક (હોય તો)

ઉલ્લેખનીય છે કે ગંગાસ્વરૂપા યોજનાની લાભાર્થી મહિલાઓ આ મેગા કેમ્પનો લાભ લઇ, પોતાનું આઇ.પી.પી.બી. ખાતું આધાર સીડિંગ તથા POSA લિંકેજ સાથે પૂર્ણ કરાવી લે, તેવો અનુરોધ કર્યો છે. જેથી, ભવિષ્યમાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાની સહાય સમયસર અને સરળતાથી પ્રાપ્ત થાય. વધુ માહિતી માટે લાભાર્થીઓ તેમના નજીકની પોસ્ટ ઓફિસનો સંપર્ક કરી શકે છે, તેમ સિનિયર સુપ્રિન્ટન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, રાજકોટ ડિવિઝનની યાદીમાં જણાવાયું છે.

# વાંકાનેરના ખીજડીયા ગામના પાટીયા નજીક બંધ ટ્રકની પાછળ અથડાયેલ કારના ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના ખીજડીયા ગામના બોર્ડ નજીક રોડ ઉપર બંધ પડેલ ટ્રકના ચાલકે ટ્રકની આગળ પાછળ કોઈ આડસ કે રીફલેક્ટર રાખ્યા વિના પોતાનો ટ્રક રાખ્યો હોય જેની ઓઅછ્લ અલ્ટો કાર અથડાતા, કાર ચાલકનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ આ ગંભીર અકસ્માત અંગે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ, વાંકાનેરના અગાભી પીપળીયા ગામે રહેતા પૃથ્વીરાજસિંહ દશરથસિંહ જાડેજા ગત તા.૨૪/૦૨ ના રોજ વાંકાનેર તાલુકાના ભયાતી જાંબુડીયા નજીક આવેલ કારખાનાની નોકરી પુરી કરી પોતાની અલ્ટો કાર રજી.નં. જીજે-૩૬-આર-૧૪૯૪માં ઘરે પરત આવતા હતા તે દરમિયાન વાંકાનેરના ખીજડીયા ગામના પાટીયા નજીક વળાંક ઉપર એક બંધ ટ્રક રજી.ન. જીજે-૧૭-વાય-૯૯૭૬ના ચાલકે પોતાના ટ્રકની આગળ પાછળ આડસ કે રીફલેક્ટર તથા પાર્કિંગ લાઈટ ચાલુ રાખ્યા વગર રાખ્યો હોય તેના પાછળના ભાગે અલ્ટો કાર અથડાઈ અકસ્માત સર્જાયો હતો, આ અકસ્માતમાં કાર ચાલક પૃથ્વીરાજસિંહને માથાના ગંભીર ઈજા પહોચતા તેઓને ૧૦૮ મારફત વાંકાનેર સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા, જ્યાં ફરજ ઉપર હાજર ડોક્ટરે જોઈ તપાસી તેઓને મૃત જાહેર કર્યા હતા. હાલ મૃતકના નાનાભાઈ દિલીપસિંહ દશરથસિંહ જાડેજાની ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે ટ્રક ચાલજ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# લાખાબાવળ સ્ટેશન પર બે જોડી ટ્રેનોના સ્ટોપેજ હંગામી ધોરણે રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના લાખાબાવળ રેલવે સ્ટેશન પર નવા ફૂટ ઓવર બ્રિજના નિર્માણ કાર્યને કારણે બે જોડી ટ્રેનોના સ્ટોપેજ હંગામી ધોરણે રદ કરવામાં આવ્યા છે. લાખાબાવળ સ્ટેશન પર આ વ્યવસ્થા હવે ૨૬ ફેબ્રુઆરીથી ૫ માર્ચ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. વિગતો નીચે મુજબ છે

સ્ટોપેજ રદ થવા અંગેની માહિતી : લાખાબાવળ સ્ટેશન પર ટ્રેન નંબર ૧૯૨૦૯/૧૯૨૧૦ ભાવનગર-ઓખા-ભાવનગર એક્સપ્રેસ અને ટ્રેન નંબર ૫૯૫૫૨/૫૯૫૫૧ ઓખા-રાજકોટ-ઓખા લોકલ ટ્રેનોનું સ્ટોપેજ ૨૬ ફેબ્રુઆરીથી ૫ માર્ચ, ૨૦૨૬ સુધી રદ રહેશે.

રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરે, જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાયડા ટેકાના ભાવે ખરીદી કરાશે

## ખેડૂત ૫ માર્ચ સુધી ઓનલાઇન નોંધણી કરાવી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના ખેડુતોને આર્થિક રક્ષણ મળી રહે અને તેમની ઉપજોના પોષણક્ષમ ભાવ મળી રહે, તે હેતુસર ચાલુ વર્ષ ૨૦૨૫-'૨૬ રવિ સિઝનમાં ચણા પાક માટે રૂ. ૫૮૭૫ પ્રતિ ક્વિન્ટલ અને રાયડા પાક માટે રૂ. ૬૨૦૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ જાહેર કરાયા છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-'૨૬ (રવિ-૨૬)માં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદી કરવાનું આયોજન કરાયુ છે. જેની ઓનલાઇન નોંધણી ગત તા. ૧૩થી શરુ થઇ છે અને આગામી તા. ૦૫ માર્ચ, ૨૦૨૬ સુધી ઓનલાઇન નોંધણી થઇ શકશે. ખેડૂતે ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતે આધાર ઓથેન્ટીફીકેશન L1 POS based બાયોમેટ્રિક મશીન (થમ્બ ઈમ્પ્રેશન) / ફેસ ઓથેન્ટીફીકેશનથી વી.સી.ઈ. (વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રેન્યુર) મારફતે વિનામૂલ્યે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર જરૂરી સાધનિક કાગળો જેવા કે ગામનો નમૂનો ૮-અ, તલાટીનો વાવેતર અંગેનો દાખલો અથવા ૭/૧૨, આધાર કાર્ડની નકલ, બેન્ક પાસબુકના પ્રથમ પાનાની નકલ ( કોડ સાથે) સાથે ઓનલાઈન નોંધણી કરવાની રહેશે. વધુ માહિતી માટે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વી.સી.ઈ. અથવા ગ્રામ સેવકનો સંપર્ક કરવા રાજકોટ જિલ્લા પંચાયત કચેરીની ખેતીવાડી શાખાની યાદીમાં જણાવાયું છે.

# મોરબીમાં બી.પી. અને માનસિક બીમારીથી કંટાળી ૭૫ વર્ષીય વૃદ્ધાએ આત્મદાહ કરતા સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના અવની ચોકડી નજીક શીવપાર્ક સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષીય ગોદાવરીબેન પનારાએ લાંબા સમયથી ચાલી રહેલી બી.પી. અને માનસિક બીમારીથી કંટાળી પોતે પોતાનો જાતે સળગી જતા તેમનું સારવાર દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે મોત નીપજ્યું હતું. આ મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

મોરબી શહેરમાં નિર્મલ સ્કૂલની બાજુમાં અવની ચોકડી પાસે આવેલ શીવપાર્ક સોસાયટીમાં રહેતા ગોદાવરીબેન મોહનભાઈ માવજીભાઈ પનારા ઉવ.૭૫એ બીમારીથી કંટાળી પોતાની જાતે સળગી આત્મદાહ કરી લીધાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, મૃતક ગોદાવરીબેન છેલ્લા બે-ત્રણ વર્ષથી બ્લડ પ્રેશરની બીમારી તેમજ માનસિક અસ્વસ્થતાથી પીડાઈ રહ્યા હતા. ઉપરાંત તેમને નાની-મોટી અન્ય તકલીફો પણ રહેતી હતી, જેના કારણે શરીરમાં ધ્રુજારી આવતી હોય જેથી કંટાળી જઈ ગઈ તા.૨૨/૦૨ના રોજ પોતાના રહેણાંક મકાને પોતાની જાતે સળગી જતા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા, ઘટના બાદ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં પ્રાથમિક સારવાર આપવામાં આવ્યા બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં ગઈકાલ તા. ૨૫/૦૨ના રોજ તેમનું ચાલુ સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે પોલીસ તપાસમાં મૃતકના દીકરા જીતેન્દ્રભાઈ મોહનભાઈ પનારા પાસેથી પ્રાથમિક વિગતો મેળવી મોરબી એ ડિવિઝન પોલીસે અ.મોત દાખલ કરી આગળની તજવીજ શરૂ કરી છે.

# જાહેર રસ્તા ઉપર સ્ટોલ-મંડપ ફી મુદ્દે મોરબી કોંગ્રેસ પ્રમુખની મહાપાલિકા કમિશ્નરને લેખિત રજુઆત



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેર માર્ગ પર તહેવારો દરમિયાન સ્ટોલ-મંડપ માટે રૂ.૨,૫૦૦/-ની વસુલાત સામે શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ વિરોધ નોંધાવ્યો છે. આ સાથે રાજકોટ મહાનગરપાલિકા કરતાં વધારે ચાર્જ વસુલાતા હોવાની દલીલ સાથે ફી ઘટાડવાની માંગ કરી છે.

મોરબી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ મોરબી મહાનગરપાલિકા કમિશ્નરને લેખિત રજુઆત કરી જાહેર માર્ગ પર સ્ટોલ-મંડપ નાખવા લેવામાં આવતી ફી અંગે પ્રશ્ન ઉઠાવ્યો છે. તેમણે જણાવ્યું છે કે મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ૧૦×૧૦ના સ્ટોલ-મંડપ માટે એક દિવસનો રૂ.૨,૫૦૦/- ચાર્જ લેવામાં આવે છે, જે સામાન્ય નગરજનો અને નાના વેપારીઓ માટે ભારે સાબિત થઈ રહ્યો છે. જ્યારે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર માર્ગ ઉપર ૧૦×૧૦ સ્ટોલ-મંડપ માટે એક દિવસનો માત્ર રૂ.૫૦૦/- ચાર્જ લેવામાં આવે છે. ત્યારે મોરબી અને રાજકોટ વચ્ચે આટલો મોટો તફાવત કેમ છે? શું અલગ કાયદા લાગુ પડે છે? તે અંગે લેખિત સ્પષ્ટતા આપવા માંગ કરવામાં આવી છે. વધુમાં પુષ્પરાજસિંહ જાડેજાએ જણાવ્યું છે કે તાત્કાલિક હાલનો વધારાનો ચાર્જ રદ કરી રાજકોટ મહાનગરપાલિકા મુજબનો ચાર્જ અમલમાં મૂકવામાં આવે, જેથી નાના વેપારીઓ અને સામાન્ય નાગરિકોને રાહત મળી શકે.

# હળવદ જીઆઇડીસી વિસ્તારમાંથી ૧૫૦ લીટર દેશી દારૂ સાથે એકની અટકાયત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે, આરોપી રફીક જામ હળવદ જીઆઇડીસી વિસ્તારમાં પોતાના રહેણાંક પાછળ આવેલ જગ્યામાં દેશી દારૂનું વેચાણ અને સંગ્રહ કરે છે, જેથી તુરંત પોલીસ ટીમે ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા જ્યાંથી ૫ લિટરના ૩૦ બાચકામાં રાગેલ ૧૫૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૩૦,૦૦૦/-મળી આવ્યો હતો, જેથી તુરંત આરોપી રફીકભાઈ કાદરભાઈ જામ ઉવ.૩૪ રહે. હળવદ જીઆઈડીસી જીનની દીવાલ પાછળ મફતીયાપરા વાળાની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે પોલીસે આરોપી સામે પ્રોહી.એક્ટ હેઠળ ગીનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોઢ વણિક સમાજ-રાજકોટ દ્વારા નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પનું આયોજન

## સ્વસ્થ સમાજ સમૃદ્ધ સમાજ તરફનું એક મહત્વપૂર્ણ પગલું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમાજના આરોગ્ય હિતને પ્રથમ ધ્યાનમાં રાખી મોઢ વણિક સમાજ દ્વારા વિશાળ સ્તરે વિવિધ પ્રકારના ૩૨ નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પનું આયોજન રવિવાર તા. ૦૧ માર્ચ ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું છે.કેમ્પ સવારે ૯:૩૦ થી બપોરે ૧ વાગ્યા સુધી યોજાશે. જેનું સ્થળ શ્રી મોઢ વણિક મહિલા છાત્રાલય, નૂતન નગર, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ સામે, રાજકોટ. આ કેમ્પમાં શહેરના અનુભવી અને પ્રતિષ્ઠિત તબીબોની ટીમ દ્વારા વિવિધ રોગોના નિદાન, પ્રાથમિક તપાસ, માર્ગદર્શન તથા જરૂરી સલાહ સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવશે. કેમ્પમાં ઉપલબ્ધ તબીબી સેવાઓ સ્ત્રીરોગ નિદાન અને માર્ગદર્શન, કેન્સર સંબંધિત પ્રાથમિક તપાસ, હૃદયરોગ નિદાન અને સલાહ, દંતરોગ તપાસ , કાન-નાક-ગળા નિદાન, ચામડીના રોગોની તપાસ, હાડકાં અને ઓર્થોપેડિક નિદાન, માનસિક રોગ તથા વ્યસનમુક્તિ સલાહ, કિડની અને જનરલ ફિઝિશિયન તપાસ , બાળકોના રોગોની તપાસ, જરૂર મુજબ ફેફસાંની ક્ષમતા તપાસ, સેવા આપનાર તબીબોમા સમાવેશ ડૉ. દીપા મણીયાર, ડૉ. નિરજ મહેતા, ડૉ. નિમિષ પરીખ ડૉ. હિરલ પરીખ, ડૉ. હેતલભાઈ બખાઈ, ડૉ. ધર્મેશ મણીયાર, ડૉ. નિરવ -મહેતા, ડૉ. જુહી મણીયાર, ડૉ. હીરવિતા મણીયાર તલસાણીયા, ડૉ. તપન પારેખ, ડૉ. ધ્રુમિત ઘોડસારા, ડૉ. મિહિર તેજુરા, ડૉ. પ્રીત સિદ્ધપુરા પારેખ, ડૉ. અભીષેક શેઠ, ડૉ. ઉત્સવ શાહ. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ સમયસર રોગનું આપવાનો છે જેથી ગંભીર બીમારીઓને પ્રારંભિક તબક્કે જ નિયંત્રિત કરી શકાય. સમાજજનો -તથા શહેરવાસીઓને આરોગ્ય જાગૃતિ તરફ પ્રેરિત કરવાનો આ એક પ્રયાસ છે. શ્રી મોઢ વણિક સમાજ રાજકોટના પ્રમુખ ધર્મેશભાઈ શેઠ, મહામંત્રી ડો. અતુલભાઇ વોરા તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ નિતિનભાઈ ડી. મણિયાર, સંજયભાઈ ડી. મણિયાર, અતુલભાઈ કે. પારેખ, મહેન્દ્રભાઈ ઓ. ગાંધી, શ્રેયાંસભાઈ એમ. મહેતા, યોગેશભાઈ સી. પારેખ, કેતનભાઈ (ગોપાલ) વી. વોરા, ધીરેન્દ્રભાઈ એમ. મહેતા, આશીષભાઈ જી. મહેતા, અમિતભાઈ આર. પટેલ, ચંદ્રકાંત (કાકુભાઈ) એ. મહેતા, જયેશભાઈ એલ. ગાંધી, દિપકભાઈ ટી. મહેતા, રસિકભાઈ પી. વોરા, દિપેશભાઈ આર. પારેખ, જયેન્દ્રભાઈ જે. પારેખ, રોહીતભાઈ જે. શાહ, દોલતભાઇ એસ. દોશી, હિતભાઈ ડી. શેઠ દ્વારા તમામ સમાજજનો અને નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આનિશુલ્ક આરોગ્ય સેવાનો લાભ લે.

# વાંકાનેરના પીપળીયારાજ ગામે સર્પદંશથી ૧ વર્ષીય માસુમ બાળકીનું કરૂણ મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના પીપળીયારાજ ગામે નાનાના ઘરે રમતી વખતે ૦૧ વર્ષીય માસુમને સાપે ડંખ મારતા તેણીનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના બનાવ અંગે પરિવાર શોકમાં ગરકાવ થયો હતો. ત્યારે મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે મરણ નોંધ કરી વધુ તપાસની તજવીજ શરૂ કરી છે. વાંકાનેર તાલુકાના પીપળીયારાજ ગામે એક દુઃખદ બનાવ સામે આવ્યો છે, જેમાં ૦૧ વર્ષીય માસુમ બાળકીનું સર્પદંશથી મોત થયું છે. જેમાં મૃતક આઈશાબેન મહમદફયાજ અબ્દુલભાઈ શેરસીયા ઉવ.૦૧ હાલ પોતાના નાનાના ઘરે પીપળીયારાજ ગામે હતા, ત્યારે ગઈકાલે તા.૨૫/૦૨ના રોજ બાળકી ઘરમાં રમતી હતી. રમતા રમતા તે સેટીપલંગ પર ચડી બારી પાસે હાથ રાખીને ઉભી હતી ત્યારે અચાનક ડાબા હાથમાં સાપે ડંખ માર્યો હતો. જેથી તેણીનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે બનાવ અંગે પોલીસે મૃતકની માતા પાસેથી પ્રાથમિક વિગતો મેળવી અ.મોત રજીસ્ટર કરી આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના ચરાડવા-સમલી રોડ પર મોટરસાયકલ સ્લીપ થતા ૪૦ વર્ષીય યુવકનું મોત

હળવદ તાલુકામાં ચરાડવા-સમલી રોડ પર મોટરસાયકલ પરથી કાબૂ ગુમાવતા સ્લીપ થતા સુ.નગર જીલ્લાના નાડધ્રી ગામના ૪૦ વર્ષીય યુવકનું ગંભીર ઇજાઓને કારણે મોત થયું છે. આ મામલે હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી છે. હળવદ તાલુકામાં માર્ગ અકસ્માતની દુઃખદ ઘટના સામે આવી છે. જેમાં સુરેન્દ્રનગર જીલ્લાના મુળી તાલુકાના નાડધ્રી ગામના રહેવાસી રમેશભાઈ જાદુભાઈ ઓગાણીયા ઉવ.૪૦ ગઈ તા. ૨૧/૦૨ના રોજ પોતાના મોટરસાયકલ રજી. નંબર-જીજે-૧૩-બીએમ-૦૬૫૦ વાળુ ચલાવી ચરાડવાથી પોતાના ઘરે જતા હોય ત્યારે રસ્તામા ચરાડવા થી સમલી રોડ ઉપર મોટર સાયકલ પરનો કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લીપ થઈ જતા રમેશભાઇને માથામા અને શરીરે ગંભીર ઈજા થતા તેઓનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના બનાવ અંગે હળવદ પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી જાંબુડીયા નજીક ફેક્ટરીમાં છાતીમાં દુખાવો ઉપડતા સારવારમાં શ્રમિકનું મોત


**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના જાંબુડીયા ગામ પાસે આવેલી બ્લુઆર્ટ ગ્રેનાઈટો ફેક્ટરીમાં કામ દરમિયાન છાતીમાં દુખાવો ઉપડતા ૨૩ વર્ષીય શ્રમિકનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ મામલે મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી છે.

મોરબી તાલુકાના જાંબુડીયા ગામ નજીક આવેલી બ્લુઆર્ટ ગ્રેનાઈટો કારખાનામાં લેબર કોલોનીમાં રહેતા મહેશભાઈ નારસિંહ પરમાર ઉવ.૨૩ મૂળ મધ્યપ્રદેશ રાજ્યના જાંબુઆ કંજાવાની ખાસ ગામના વતનીને ગઈકાલ તા.૨૫/૦૨ના રોજ કારખાનામાં કામ દરમિયાન અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. જેથી તેમને તાત્કાલિક મોરબી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવ અંગે તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# વર્ધમાનનગરમાં મનમંદિર એપાર્ટમેન્ટના ફલેટમાં આગઃ માતા-પુત્રના મોત

## એસી બ્લાસ્ટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તારણઃ ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો, પરિવારમાં ઘેરો શોક




તસવીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના પેલેસ રોડ પર આવેલ વર્ધમાન નગર શેરી નંબર-૭માં આવેલ મનમંદિર એપાર્ટમેન્ટના એક ફ્લેટમાં મધરાતે અચાનક આગ ભભુકી ઉઠતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ગૂંગળામણ અને ૧ દાઝી જવાથી ૯૫ વર્ષીય વૃદ્ધા અને તેમના ૬૨ વર્ષીય પુત્રનું કરુણ મોત મ નિપજતા સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ અંગેની મળતી વિગતો મુજબ, બુધવારે રાત્રિના આશરે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ મનમંદિર એપાર્ટમેન્ટના ફ્લેટમાંથી અચાનક અગ્નિની જવાળાઓ બહાર નીકળતી જોઈ આસપાસના રહિશો અને રાહદારીઓ ફફડી ઉઠ્યા હતા. લોકો તાત્કાલિક નીચે દોડી આવ્યા હતા અને ફાયર વિભાગને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા જોઈ મુખ્ય ફાયર સ્ટેશન અને કોઠારીયા ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

મૃતકોની ઓળખ પ્રભાબેન ભગવાનજીભાઈ પુજારા (ઉ.વ. ૯૫) અને નરેશભાઈ ભગવાનજીભાઈ પુજારા (ઉ.વ. ૬૨) તરીકે થઈ છે. નરેશભાઈ બંગડી બજારમાં હેન્ડીક્રાફ્ટની વસ્તુઓ વેચી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પરિવારમાં નરેશભાઈ, તેમના પત્ની, પુત્ર-પુત્રવધુ અને પૌત્રો સહિતના સભ્યો રહે છે. જોકે, ઘટના સમયે નરેશભાઈ અને તેમના માતા પ્રભાબેન જ ઘરે હતા જ્યારે અન્ય સભ્યો બહાર ગયા હોવાથી તેમનો બચાવ થયો હતો.

ફાયર વિભાગના જવાનોએ જ્યારે ફ્લેટમાં પ્રવેશ કર્યો ત્યારે પ્રભાબેન અને નરેશભાઈ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ત્યાં હાજર તબીબોએ બંનેને મૃત જાહેર કરતા પરિવારમાં આનંદ છવાઈ ગર્યો હતો. પ્રાથમિક દ્રષ્ટિએ સ્થાનિકો અને ફાયર વિભાગ દ્વારા એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, આગ એસીમાં શોર્ટ સર્કિટ અથવા બ્લાસ્ટ થવાને કારણે લાગી હોઈ શકે છે. જોકે, આગનું ચોક્કસ કારણ જાણવા માટે ફાયર વિભાગ અને પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રાજકોટ જેલમા કેદીનુ બેભાન હાલતમાં મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જેલમાં ૩૦ વર્ષીય કેદી હિંમત સોલંકીનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હતું. મૃતક ભરણ પોષણના કેસમાં જેલમાં સજા કાપી રહ્યો હતો, સવારે ઊઠીને મોઢું ધોઈ ટૂથ બ્રશ કરતી વખતે ત્યાં જ ઢળી પડ્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ, હિંમત સામતભાઈ સોલંકી (ઉ.વ.૩૦, રહે.માયાપાદર ગામ, તાલુકા કુકાવાવ, જિલ્લો અમરેલી) વિરુદ્ધ તેમના પત્નીએ ભરણપોષણનો કેસ કર્યો હોય પરંતુ ભરણપોષણની રકમ જમા ન કરાવી હોવાથી કોર્ટે તેને જેલની સજાનો હુકમ કર્યો હતો. જેથી હિંમત છેલ્લા ત્રણ મહિનાથી રાજકોટ જેલમાં હતો. વહેલી સવારે સાત વાગ્યે હિંમત ઉઠ્યો હતો અને મોઢું ધોઈને ટુથ બ્રશ કરવા માટે ઊભો હતો ત્યાં જ અચાનક બેભાન થઈને ઢળી પડ્યો હતો જેલના સ્ટાફ દ્વારા તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસિપટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો. જેલ પ્રશાસન દ્વારા હિંમતના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. યુવાન પુત્રના મોતના સમાચાર મળતા જ પરિવારજનો સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

# વાહન ચાલકો ચેતજોઃ તા.૫ માર્ચ સુધી રાજય વ્યાપી ટ્રાફિક ડ્રાઈવઃ પોલીસ ધોંસ બોલાવશે

### નંબર પ્લેટ, કાળાકાચ પર ખાસ ફોક્સ બે દિવસ એલઈડી લાઈટ સામે ઝુંબેશ થશે રાજ્ય પોલીસવડાનો તમામ શહેર - જીલ્લા અધિકારીઓને આદેશ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં મોટાભાગના શહેરોમાં ટ્રાફિક નિયમોના ખુલ્લેઆમ ભંગ તથા વધતા અકસ્માતોને પગલે પોલીસ એક્શનમાં આવી છે. તા.૫મી માર્ચ સુધી રાજ્ય વ્યાપી ટ્રાફિક ડ્રાઈવ યોજવા તમામ શહેરોના પોલીસ કમીશ્નરો તથા જીલ્લા પોલીસવડાએ રાજ્ય પોલીસવડાએ આદેશ કર્યો છે.પોલીસના સૂત્રોએ કહ્યું કે રાજકોટ સહિત રાજ્યવ્યાપી ચેકિંગ ડ્રાઈવ થશે.ડ્રાઈવ સંબંધી એક્શન પ્લાન તૈયાર થવા સાથે સાંજથી કે આવતીકાલથી ઝુંબેશ શરૂ કરશે. મુખ્ય ફોક્સ નંબર પ્લેટ વિનાના વાહનો તથા કાળા કાચ ઉપર રહેશે. તા.૫ માર્ચ સુધીના આ ડ્રાઈવમાં બે દિવસ એલઈડી લાઈટવાળા વાહનો પર ધોંસ બોલાવાશે.રાજ્ય પોલીસવડા ડો. કે. એલ. એન. રાવે રાજ્યના તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસવડાને પત્ર

લખીને જાણ કરી છે કે રાજય ખાતે માર્ગ અકસ્માતોની સંખ્યામાં ઘટાડો લાવવા માટે ૨૫ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ સુધી ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવશે.રાજ્ય પોલીસવડા દ્વારા 'નંબરપ્લેટ વિનાની અને કાળા કાચવાળી ગાડીઓ સામે તેમજ ટ્રાફિકના વિવિધ નિયમો, જેવા કે રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ, પેસેન્જર વાહનોમાં પરમિટ કરતાં વધુ પેસેન્જરો બેસાડવા, ડ્રિંક એન્ડ ડ્રાઈવ સહિત અલગ અલગ નિયમો બદલ કાર્યવાહી કરવા જણાવ્યું છે.ટ્રાફિક નિયમના ભંગ બદલ કાનૂની કાર્યવાહી કરવા સમયાંતરે ખાસ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન શહેર/જિલ્લાઓ ખાતે કરવામાં આવે છે તેમ છતાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે વધારો થયાનું ધ્યાનમાં આવ્યું છે.જે અકસ્માતમાં અંકુશ લાવવા માટે મોટર વાહન અધિનિયમ હેઠળની જોગવાઈઓના ઉલ્લંઘન બદલ વાહનચાલકો સામે કાયદેસર કાર્યવાહી કરવા માટે શહેર/જિલ્લા ખાતે ખાસ ઝુંબેશ ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે.શહેર અને જિલ્લામાં પોલીસ દ્વારા કરવામાં આવેલી ડ્રાઈવ દરમિયાન રોજેરોજ કરેલી કામગીરીની વિગતો નિયત પત્રકમાં તારીખવાઈઝ તૈયાર કરી રાજ્ય પોલીસવડાની કચેરીને ઇ-મેઈલથી મોકલી આપવા પણ સૂચના અપાય છે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડની પેઢીના એકાઉન્ટમાં સાયબર ફ્રોડના ૯૦૦ કરોડ જમા થયાનો પર્દાફાશ

## ઓપરેશન મ્યુલ હન્ટમાં રાજકોટ ગ્રામ્ય પોલીસની સૌથી મોટી કામગીરીઃ મનિષ કમાણી અને જય નાદપરાના એકાઉન્ટમાં સાયબર ફ્રોડના ૨૦૦ કરોડ જમાં થયાના બનાવમાં પડધરી પોલીસ મથકમાં ગુનો દાખલ થયો, પોલીસે છ શખ્સોની ધરપકડ પણ કરી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઓપરેશન મ્યુલ હન્ટમાં રાજકોટ ગ્રામ્ય પોલીસની સૌથી મોટી કામગીરી સામે આવી છે. જેમાં ગોંડલ માર્કેટિંગ યાર્ડની પેઢીના એકાઉન્ટમાં સાયબર ફોડના ૯૦૦ કરોડ જમા થયાનો ઘટસ્ફોટ થયો છે. મનિષ કમાણી અને જય નાદપરાના એકાઉન્ટમાં સાયબર ફોડના ૨૦૦ કરોડ જમાં થયાના બનાવમાં રાજકોટના મિહિર રંગાણી, હિરેન લીંબાસીયા અને તેલંગણાંના શખ્સના નામ પણ ખુલતાં તેની ધરપકડ કરાઈ હતી. કુલ ફ્રોડના ૧૫૦૦ કરોડની હેરફેર થયાનું ખુલ્યું છે.રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજ્ય વ્યાપી Operation Mate Hun અંતર્ગત રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન ધરાવતા બેન્ક એકાઉન્ટની માહિતી એકત્રિત કરી કામગીરી શરૂ કરવાની આપેલ સુચનાથી સાયબર ક્રાઈમ પીઆઈ આર. જે. ગોધમની રાહબરીમાં પીએસઆઈ એમ.એન.રાઠોડ સી.બી.વાંક તથા ટીમને સાયબર ક્રાઈમ ગાંધીનગર તરફથી મળેલ માહિતીના આધારે આ તમામ એકાઉન્ટનો SAMANVAYA PORTAL તથા NCCRP PORTAL, 1930 પર શંકાસ્પદ એકાઉન્ટ બાબતે તપાસ કરતા તે એકાઉન્ટ પૈકી પડધરી મોવીયા યશ બેંક ખાતે ખુલેલ બેંક એકાઉન્ટ ગોંડલ માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલ જ્યોત ટ્રેડીંગ કંપનીના ખાતામાં તપાસ કરતા એકાઉન્ટમાંથી આશરે ૨૦૦ કરોડની આસ-પાસની લેવડ-દેવડ મળી આવેલ. જેના આધારે પડધરી પોલીસ સ્ટેશનમાં આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ૬ આરોપીઓ અટક કરવામાં આવેલ છે. અને આ આરોપીઓ હાલ કોર્ટ કસ્ટડીમાં છે. આ ગુન્હાની તપાસમાં અટક કરેલ , આરોપીઓના મળેલ વધુ બેંક એકાઉન્ટની તપાસમાં આરોપી મનિષ કમાણી તથા જય નાદપરા તથા મિહિર રંગાણી મળી આશરે ૯૦૦ કરોડ રૂપિયાથી વધુની તેના એકાઉન્ટથી હેરફેર કરેલનું મળી આવેલ, જેથી ગુન્હાની તપાસમાં આ અગાઉના પકડાયેલ આરોપી મનિષ કમાણી તથા જય નાદપરા દ્વારા જે તેના બેંક એકાઉન્ટ મારફતે લેવડ-દેવડ થયેલ હોય તે તમામ રોકડા રૂપિયા ઉપાડી આંગડીયા મારફતે અગાઉના પકડાયેલ આરોપીઓ પ્રવિણસિંહ પરમાર, મહેન્દ્રસિંહ જાડેજા તથા મયુરસિંહ વાઘેલા મોટુ કમિશન લઈ આ આરોપી આદીલુદીન મહમદ મુનીરૂદીન મહમદને મોકલેલ હોય તેમજ ઓન લાઈન ટ્રાન્સફર કરેલનું મળી આવેલ હતું.જેથી આ આરોપી આદીલુદીન મહમદ મુનીરૂદીન મહમદને અટક કરેલ છે.

તેમજ આ ગુન્હામાં અગાઉ પકડાયેલ આરોપીઓ મનિષ કમાણી તથા જય નાદપરાના બેંક એકાઉન્ટ મિહીર રંગાણી સાયબર ફ્રોડના નાણાને રોકડમાં રૂપાંતરીત કરી હેર ફેર કરવા સારૂ આપેલ હોવાનું તપાસમાં ખુલેલ હોય અને તે એકાઉન્ટમાં નાણાની લેવડ-દેવડ હિરેન લીંબાસીયા મારફતે કરેલ હોય જેથી આ મીહીર રામજી રંગાણીની અટક કરેલ છે. તેની તપાસમાં તેની પેઢીના નામે અલગ અલગ બેન્ક એકાઉન્ટ મળી આવેલ હોય તેમાં પણ રૂપિયાની લેવડ-દેવડ કરેલ છે. અને આ લેવડ-દેવડ માં પોતાના હસ્તકના એકાઉન્ટમાં પણ રૂપિયાની લેવડ-દેવડ કરેલ છે.

# રાજકોટ રૂરલ પોલીસને ઉંઘતી રાખી SMC ત્રાટકી

# રૂ.૫૧ લાખનો ૫૦૦ પેટી દારૂ પકડાયો



## પીઠડીયા ટોલ નાકા પાસે મોડી રાતે અમદાવાદ તરફથી આવતો દારૂ ભરેલ ટ્રક જૂનાગઢ તરફ પહોંચે તે પહેલાં જ એસએમસીની ટીમે દરોડો પાડ્યોઃ પાંચ શખ્સોની ધરપકડ, કુલ રૂ.૮૬ લાખથી વધુનો મુદામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બહારના રાજ્યોમાંથી ગુજરાતમાં અને ખાસ સૌરાષ્ટ્રમાં દારૂનો જંગી જથ્થો સપ્લાય કરવામાં આવી રહ્યો છે. અવારનવાર રાજ્ય પોલીસ વડાની ની ખાસ ટીમ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારમાં દરોડો પાડી મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો પકડવામાં આવી રહ્યો છે.

હાલમાં જ રાજકોટ શહેરના માર્કેટિંગ યાર્ડમાંથી દારૂ ભરેલ ટ્રક પકડાયાના થોડા દિવસો બાદ જ ગઈ મોડી રાતે વીરપુર નજીક આવેલ પીઠડીયા ટોલ નાકા પાસેથી રૂપિયા ૫૧ લાખનો ૫૦૦ પેટી દારૂનો જંગી જથ્થો પકડી પાડતા સ્થાનિક પોલીસમાં દોડધામ મચી ગઈ હતી.

એસએમસી ડીઆઈજી નિરલિપ્ત રાય અને એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો રાજ્યભરમાં દારૂ-જુગાર અને એનડીપીએસની બદી નેસ્ત નાબૂદ કરવા કાર્યવાહી કરી રહી છે. ત્યારે ગઈ મોડી રાતે એસએમસીની એક ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ તરફથી એક દારૂ ભરેલ ટ્રક જેતપુર તરફ જઈ રહ્યો છે તેવી મળેલ બાતમીના આધારે ટીમ પીઠડીયા ટોલનાકા પાસે વોચમાં હતી ત્યારે બાતમી વાળો દારૂ ભરેલ ટ્રક ત્યાંથી પસાર થતાં તેને અટકાવી તપાસ કરતાં અધિકારીઓ પણ ચોંકી ગયાં હતાં.

એસએમસીની ટીમે હાલ અંદાજે ૫૦૦ પેટી દારૂ પકડી પાડવામાં આવ્યો હોવાની માહિતી મળે છે. જેની કિંમત રૂ.૫૧ લાખ હોવનનું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે. પોલીસે કુલ દારૂ અને વાહનો મળી રૂ.૮૬ લાખથી વધુનો મુદામાલ કબ્જે કરી પાંચ શખ્સોની ધરપકડ પણ કરી છે.હાલ એસએમસીની ટીમે તમામ આરોપીની પૂછ્તાછ આદરી છે અને વિરપુર પોલીસ મથકમાં ગુનો નોંધવા તજવીજ પણ આદરી છે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ રાજકોટ શહેરના માર્કેટિંગ યાર્ડમાં ઘઉંના બાચકાની આડમાં દારૂ ભરેલ ટ્રક એસએમસીની ટીમે પકડી પાડી બે શખ્સોની ધરપકડ પણ કરી હતી. ત્યારે ફરીવાર એસએમસીની ટીમ રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં ત્રાટકતા સ્થાનિક પોલીસમાં દોડધામ મચી ગઈ હતી.

# રેસકોર્સમાં કુખ્યાત બુટલેગર ક્રિકેટ સટ્ટો રમતા પકડાયો

### આર્ટ ગેલેરી પાસે ક્રિકેટમાં દાવ લેતા પીસીબીની ટીમે ઝડપી લીધો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેસકોર્સમાં શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરી નજીક મોબાઈલ આઈડી મારફત જુગાર રમી રહેલા મવડી વિસ્તારના કુખ્યાત બુટલેગર સુખદેવસિંહ ઉર્ફે સુખાને પીસીબીની ટીમે ઝડપી લીધો હતો. લિસ્ટેડ બુટલેગરે જુગાર રમવા માટેની આઈડી કોની પાસેથી મેળવી હતી? તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત મુજબ, પીસીબીના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીચા, કોન્સ્ટેબલ વિશાલભાઈ દવે સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

દરમિયાન એવી બાતમી મળી હતી કે, અગાઉ દારૂના ગુનાઓમાં પોલીસ ચોકડી ચડી ચૂકેલા સુખદેવસિંહ ઝાલા રેસકોર્સ ગ્રાઉન્ડ બાલભવન પાસે શ્યામાપ્રસાદ મુખરજી આર્ટ ગેલેરી સામે ગાર્ડનની દિવાલ પાસે બેસી મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો રમી રહ્યો છે. આ બાતમીના આધારે પીસીબીની ટીમ અહીં પહોંચી હતી. પોલીસે અહીં મોબાઈલમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરી રહેલા શખસની પૂછ્તાછ કરતા તેણે પોતાનું નામ સુખદેવસિંહ ઉર્ફે સુખો તપાસ કરતા તેમાં તાજ૭૭૦ નામની આઈડી જોવા મળી હતી. મહિપતસિંહ ઝાલા(ઉ.વ.૩૭ રહે. મવડી પ્લોટ મારૂતિનગર શેરી નંબર ૬, ગરબીચોક) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેના મોબાઈલ ફોનની જેમાં ભારત અને ઓસ્ટ્રેલિયા મહિલા ક્રિકેટ મેચ પર તથા લાઈવ કસીનોમાં સોદા કર્યા હોવાનું જણાયુ હતું. જેથી પોલીસે તેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મોબાઈલ આઈડી મારફત જુગાર રમતા ઝડપાયેલ સુખદેવસિંહ ઝાલા ઉર્ફે સુખો લિસ્ટેડ બુટલેગર છે. અગાઉ પોલીસે તેને દારૂના ગુનામા એકથી વધુ વખત પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. ત્યારે હવે લિસ્ટેડ બુટલેગરે ટ્રેક બદલ્યો હોય તેમ મોબાઈલ આઈડી મારફત જુગારની પ્રવૃત્તિ શરૂ કરી છે. આરોપીએ કયા બુકી પાસેથી આઈડી મેળવી જુગાર રમતો હતો તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજકોટ-મોરબી હાઈવે પર જોખમી સ્ટંટ કરી આવારા તત્વોની પોલીસને ચેલેન્જ

### પોલીસ કોમ્બિંગ સહિતની કામગીરી કરે છે પણ ડરે છે કોણ ?



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં કાયદો અને વ્યવસ્થા જેવું કશું રહ્યું જ નથી તેવા અનેક કિસ્સાઓ જોવા મળતા હોય છે તાજેતરમ સોની યુવાનની હત્યા બાદ લોકોના આક્રોશને પગલે પોલીસે કોમ્બિગ, આરોપીનું સરઘસ કાઢવા સહિતની કામગીરી કરી હતી જોકે પોલીસથી કોઈ ડરતું જ ન હોય તેમ તાજેતરમાં હાઈવે પર જોખમી સ્ટંટનો વિડીયો વાયરલ થયો છે. મોરબી જીલ્લામાં અવારનવાર જોખમી સ્ટંટના વિડીયો વાયરલ થતા રહે છે તાજેતરમાં મોરબી રાજકોટ હાઈવે પર એક જોખમી સ્ટંટનો વિડીયો વાયરલ થયો છે જેમાં બાઈક પર ખતરનાક સ્ટંટ જોવા મળી રહ્યા છે જે માત્ર પોતાનું જ નહિ અન્યના જીવને પણ જોખમમાં મૂકી રહ્યો છે મોરબી જીલ્લામાં પોલીસનું કોઈ અસ્તિત્વ જ ના હોય તેમ આવારા તત્વો બેફામ બની ગયા છે આવા તત્વોને રોકવા પોલીસ પાસે કોઈ આયોજન કે પ્લાન નથી વિડીયો વાયરલ થયા બાદ પોલીસ આરોપીને પકડીને કામગીરી કર્યાનો સંતોષ માનશે જોકે આવા તત્વોને કાબુમાં ના રાખી શકનાર પોલીસ પોતાની નિષ્ફળતા સ્વીકારશે કે કેમ તેવી ચર્ચાઓ નાગરિકોમાં જોવા મળી રહી છે.

# ગોંડલના રીબડામાં બિલ્ડીંગમાંથી કુદકો મારનાર શખ્સે બચાવનારને છરી ઝીંકી

### આપઘાતનો પ્રયાસ કરનાર શખ્સની કરતૂત

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નાં રીબડા નજીક આવેલી કંપની માં એક યુવાન સાથે ધર્મ કરતા ધાડ પડી જેવી ઘટના ઘટી છે. કંપનીમાં નોકરી કરતા યુવાનને પહેલા માળેથી છલાંગ લગાવવાની કોશીશ કરતા તેની સાથે કામ કરતા યુવાનને બચાવ્યો હતો. જેથી આપઘાતનો પ્રયાસ કરનાર શખ્સ બચાવનાર યુવાન સાથે ઝઘડો કરી છરી ઝીંકી દેતા તેમને સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી રહેતા શાંતિલાલ શુકલ મુરમુર (ઉ.વ.૩૮)નામનો યુવાન ગઇકાલે રીબડા ચોકડી પાસે આવેલી કંપનીમાં કામ પર હતો ત્યારે તેની સાથે કામ કરતો સંતોષ કંપનીના પહેલા માળેથી છલાગ લગાવવા જતા તેમને શાંતિલાલે બચાવ્યો હતો.

પરંતુ અહી ઉલ્ટુ બન્યું હતું.મરતો બચાવવા બદલ આભાર માનવાને બદલે ઉશ્કેરાયેલા સંતોષે શાંતિલાલ સાથે માથાકૂટ કરી તેમને છરી ઝીંકી દીધી હતી. જેથી તેમને સારવાર માટે સિવિલ હોસિપટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં શાંતિલાલ મુળ ઝારખંડનો વતની છે.તે અહીં કંપનીમાં કામ કરે છે.તે માનશીક બિમાર હોવાનું જાણવાં મળ્યું હતું. બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે તપાસ શરૂ કરી છે.

# બિસ્માર રસ્તાને લઈ સ્થાનિકોએ રામધૂન બોલાવી ઉગ્ર વિરોધ કર્યોઃ ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી

### રાજકોટ વોર્ડ નંબર-૧૧માં રહેતા લોકોનો આક્રોશ ભભુક્યોઃ કોર્પોરેટર અને કોર્પોરેશન વિરુદ્ધ સુત્રોચાર કરી રસ્તા પર ચક્કાજામ કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના વોર્ડ નંબર ૧૧માં આવેલા મવડી વિસ્તારના ૪૦ ફૂટ રોડ પરની રાજદીપ સોસાયટીના સ્થાનિકોએ બિસ્માર રોડના કારણે રસ્તા પર ઉતરી જઈ રામધૂન બોલાવી વિરોધ કર્યો હતો. તેમજ કોર્પોરેટર અને કોર્પોરેશન વિરુદ્ધ સુત્રોચાર કરી આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવા માટેની પણ ચિમકી આપી હતી.

સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યુ કે, બિસ્માર રોડના કારણે દરરોજ અનેક અકસ્માતો થાય છે. એક દીકરીને બોર્ડની પરીક્ષા છે અને તે સ્કૂલેથી આવતા સમયે જ રસ્તા પરના ખાડાઓના કારણે પડી ગઈ હતી. ખરાબ રસ્તાઓને લીધે સ્કૂલ રિક્ષાઓ કે વાહનો પણ સોસાયટીમાં આવી શક્તા નથી, જેના કારણે બાળકોને અભ્યાસમાં પણ મુશ્કેલી પડે છે. રહીશોએ ચીમકી આપી છે કે જો વહેલી તકે રસ્તાઓ રિપેર કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ચૂંટણીનો બહિષ્કાર કરી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

સ્થાનિકો દ્વારા કોર્પોરેટર અને કોર્પોરેશનના કાન ખોલવા માટે બિસ્માર રસ્તાઓ પર બેસીને જ રામધૂન બોલાવી હતી. એટલું જ નહીં લોકો બાળકો સાથે રસ્તા પર બેસી ગયા હતા અને રોડ પર ચક્કાજામ કર્યો હતો. આગામી સમયમાં જો કાર્યવાહી કરી રસ્તાઓની હાલત સુધારવામાં નહીં આવે તો હવે આગામી ચૂંટણીનો બહિષ્કાર કરી વિરોધ દર્શાવવામાં આવશે.